dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 106 | AD - 2026, Maha Sud - 04 | Thursday, Dt. 22-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શેરબજારમાં પણ ઘટાડો નોંધાયો : સેન્સેક્સ ૨૭૧ અને નિફ્ટી ૭૫ પોઈન્ટ ઘટ્યો

## ભારતીય રૂપિયો ૭૬ પૈસા ઘટીને સૌથી નીચલા સ્તરે બંધ

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય રૂપિયો બુધવારે યુએસ ડોલર સામે ૭૬ પૈસા ઘટીને ૯૧.૭૩ (કામચલાઉ) પર બંધ થયો, જે તેનું સર્વકાલીન નીચું સ્તર છે. વૈશ્વિક બજારોમાં વધતી અનિશ્ચિતતા, જોખમ-બંધ ભાવના અને વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણને કારણે રૂપિયા પર નોંધપાત્ર દબાણ આવ્યું છે. ફોરેક્સ નિષ્ણાતોના મતે, ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ રૂપિયો અગાઉ ૯૧.૧૪ ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હતો. આ મહિનામાં અત્યાર સુધીમાં સ્થાનિક ચલણમાં આશરે ૧.૫૦ ટકાનો ઘટાડો થયો છે. નિષ્ણાતો આ માટે વધતી જતી ભૂ-રાજકીય અનિશ્ચિતતાને જવાબદાર માને છે. વિશ્લેષકોના મતે, ગ્રીનલેન્ડ મુદ્દો અને સંભવિત ટેરિફ પર યુરોપમાં વધતા તણાવ, નબળા સ્થાનિક શેરબજાર સેન્ટિમેન્ટ સાથે, રોકાણકારોના સેન્ટિમેન્ટ પર વધુ અસર પડી. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૯૧.૦૫ પર ખુલ્યો અને ટ્રેડિંગ દરમિયાન ૯૧.૭૪ ના નીચલા સ્તરે ગબડ્યો. તે આખરે દિવસના ૯૧.૭૩ (કામચલાઉ) પર બંધ થયો, જે પાછલા સત્ર કરતા ૭૬ પૈસાનો ઘટાડો હતો. મંગળવારે અગાઉ, રૂપિયો પણ ૭ પૈસા ઘટીને ૯૦.૯૭ પર બંધ થયો હતો. કોટક મહિન્દ્રા AMC ખાતે સ્થિર આવકના વડા અભિષેક બિસેને જણાવ્યું હતું કે ભારત જેવી ઉભરતી અર્થવ્યવસ્થાઓ હાલમાં અસ્થિર મૂડી પ્રવાહથી દબાણનો સામનો કરી રહી છે. તેમણે સમજાવ્યું કે



ગ્રીનલેન્ડ વિવાદ જેવા ભૂરાજકીય વિકાસ, જેના કારણે યુએસ-યુરોપ સંબંધોમાં તણાવ આવ્યો છે અને નાટો નબળું પડવાનું જોખમ ઊભું થયું છે, તેમજ વેનેઝુએલાના તેલ ભંડારમાં યુએસની ભૂમિકા, વૈશ્વિક વેપાર પર નોંધપાત્ર અસર કરી રહી છે. બિસેનના મતે, યુએસ સાથેનો બાકી વેપાર કરાર ભારત માટે એક મુખ્ય સ્થિરતા પરિબળ બની શકે છે, કારણ કે તેની પૂર્ણતા રોકાણકારોના વિશ્વાસને વધારશે અને દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવશે. બિસેને કહ્યું કે જ્યાં સુધી ભૂરાજકીય જોખમો ઓછા ન થાય અને વેપાર કરાર ન થાય ત્યાં સુધી રૂપિયો બાહ્ય આંચકાઓ માટે સંવેદનશીલ રહી શકે છે. જો કે, ભારતીય રિઝર્વ બેંક તેના મજબૂત વિદેશી વિનિમય અનામતને કારણે પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં સક્ષમ છે. વધુમાં, રૂપિયાની નબળાઈએ તેને આરઈઈઆર ધોરણે પ્રમાણમાં સસ્તું બનાવ્યું છે, જે નિકાસને ટેકો આપી શકે છે. દરમિયાન, ડોલર ઈન્ડેક્સ, જે છ ચલણોની ટોપલી સામે ગ્રીનબેકની મજબૂતાઈનું માપન કરે છે, તે ૦.૦૨ ટકા ઘટીને ૯૮.૬૧ પર ટ્રેડ થઈ રહ્યો હતો. વૈશ્વિક તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧.૮૮ ટકા ઘટીને $૬૩.૭૦ પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યા હતા. દરમિયાન સ્થાનિક શેરબજાર તેનો ડાઉનટ્રેન્ડ ચાલુ રાખે છે. બુધવારે બજારે ફરી એકવાર નીચા સ્તરે ટ્રેડિંગ બંધ કર્યું. બીએસઈ સેન્સેક્સ ૨૭૦.૮૪ પોઈન્ટ (૦.૩૩ ટકા) ઘટીને ૮૧,૯૦૯.૬૩ પર બંધ થયો. એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૭૫.૦૦ પોઈન્ટ (૦.૩૦ ટકા) ઘટીને ૨૫,૧૫૭.૫૦ પર બંધ થયો. એ નોંધવું યોગ્ય છે કે મંગળવારે બજાર ગભરાટની સ્થિતિમાં હતું. ગઈકાલે, સેન્સેક્સ ૮૨,૧૮૦.૪૭ પર બંધ થયો, જે ૧,૦૬૫.૭૧ પોઈન્ટ (૧.૨૮ ટકા) ના મોટા ઘટાડા સાથે હતો, અને નિફ્ટી ૨૫,૨૩૨.૫૦ પર બંધ થયો, જે ૩૫૩.૦૦ પોઈન્ટ (૧.૩૮ ટકા) ના મોટા ઘટાડા સાથે હતો.

## પ્રયાગરાજમાં એરફોર્સનું ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ, પાઈલોટ સુરક્ષિત

પ્રયાગરાજ, તા.૨૧

પ્રયાગરાજમાં એરફોર્સનું ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થઈ ગયું. એરક્રાફ્ટ હવામાં ઉડતા-ઉડતા ડગમગ્યું અને તળાવમાં પડી ગયું. ૨ સીટર એરક્રાફ્ટમાં સવાર બંને પાઈલટ સુરક્ષિત છે. અકસ્માતનો વીડિયો પણ સામે આવ્યો છે. તેમાં એરક્રાફ્ટ પડતું દેખાઈ રહ્યું છે. આ અકસ્માત બુધવારે બપોરે ૧૨ વાગ્યે કેપી કોલેજની પાછળ થયો હતો. આ શહેરના મધ્યભાગનો વિસ્તાર છે. તળાવને અડીને શાળા અને રહેણાંક કોલોનીઓ છે. અહીંથી માઘ



મેળાનું અંતર લગભગ ૩ કિમી છે. અકસ્માતના તરત જ બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે એરક્રાફ્ટ ક્રેશ થાય તે પહેલા બંને પાઈલટ પેરાશૂટથી કૂદી ગયા અને તળાવમાં પડ્યા. ત્યાં તેઓ કાદવમાં ફસાઈ ગયા હતા, જેમને સ્થાનિક લોકોએ બહાર કાઢ્યા. થોડીવારમાં સેનાનું હેલિકોપ્ટર પણ પહોંચી ગયું. જોકે, જે તળાવમાં પ્લેન પડ્યું છે, ત્યાં ચારેય બાજુ જળકુંભી ઉગી નીકળી છે. આવા સંજોગોમાં એરક્રાફ્ટ સુધી કોઈ પણ ટીમ પહોંચી શકી નહીં. PRO ડિફેન્સ વિંગ કમાન્ડર દેબાર્થો ધર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, "IAFનું માઈક્રોલાઈટ એરક્રાફ્ટ બમરૌલી એરફોર્સ સ્ટેશન પરથી ઉડાન ભરતી વખતે ટેકનિકલ ખામીનો શિકાર બન્યું હતું. તેને સુરક્ષિત રીતે નિર્જન વિસ્તારમાં ઉતારવામાં આવ્યું, જેના કારણે સામાન્ય લોકોની જાન-માલને કોઈ નુકસાન થયું નથી. વિમાનમાં સવાર બંને પાયલટ સુરક્ષિત છે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો છે.

## લિવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓને ત્યારે જ સુરક્ષા મળશે જયારે પત્નીનો દરજ્જો મળે : મદ્રાસ હાઈકોર્ટ

**કોર્ટની જવાબદારી બને છે કે મહિલાઓને સંરક્ષણ આપે**

ચેન્નાઈ, તા.૨૧

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે કહ્યું કે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી મહિલાઓને સુરક્ષા ત્યારે જ મળશે, જ્યારે તેમને પત્નીનો દરજ્જો આપવામાં આવે. કોર્ટે કહ્યું કે આવા સંબંધોમાં મહિલાઓને વૈવાહિક સુરક્ષા મળતી નથી તેથી કોર્ટની જવાબદારી બને છે કે મહિલાઓને સંરક્ષણ આપે. જસ્ટિસ એસ. શ્રીમથીએ આ ટિપ્પણી એક આરોપીની આગોતરા જામીન અરજી ફગાવતા કરી. વ્યક્તિ પર આરોપ છે કે તે મહિલા સાથે પહેલા લિવ-ઈનમાં રહ્યો. પછી લગ્નનું ખોટું વચન આપીને મહિલા સાથે શારીરિક સંબંધ બાંધ્યા. આ અંગે કોર્ટે કહ્યું કે પુરુષો પહેલા મોડર્ન બનીને લિવ-ઈનનો સંબંધ બનાવે છે. પછી સંબંધ ખરાબ થતા મહિલાના ચારિત્ર્ય પર સવાલ ઉઠાવે છે. તેઓ આવું એટલા માટે કરી શકે છે કારણ કે કાયદામાં લિવ-ઈનને લઈને કોઈ નિયમો નથી.

શ્રદ્ધાંજલિ

આંખની કીકીઓ દરેક પળે તમારૂ પ્રતિબિંબ ઝીલે છે.
તમે સદેહ અમારી વચ્ચે નથી પરંતુ તમારૂ સાનિધ્ય અમારૂ
રોમે રોમ મહેસુસ કરે છે. તમારી ઉપસ્થિતીનો ભાસ
અમે પળેપળ અનુભવીએ છીએ.
પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના........



સ્વ. ભીખુભાઈ નાનજીભાઈ કાબરીયા
સ્વ. તા. ૧૬/૦૧/૨૦૨૬ને શુક્રવાર

લી.
શ્રી ડી. કે. રૈયાણી
પ્રમુખશ્રી, લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી.

: કોર કમિટી મેમ્બર :
શ્રી કાળુભાઈ ભંડેરી
શ્રી કાંતિભાઈ વઘાસીયા
શ્રી હિમાંશુભાઈ ધાનાણી
શ્રી દકુભાઈ ભુવા
શ્રી રાજેશભાઈ માંગરોળીયા

: ઉપપ્રમુખ :
શ્રી દિનેશભાઈ બાંભરોલીયા
શ્રી લાલજીભાઈ દેસાઈ
ડૉ. ચંદ્રેશભાઈ ખુંટ
શ્રી નરેશભાઈ સાકરીયા
શ્રી કાળુભાઈ કાછડીયા
શ્રી હરેશભાઈ ઘડુક
શ્રી નિલેશભાઈ દેસાઈ
સંજયભાઈ બી. રામાણી

: મંત્રી શ્રી :
શ્રી જે.ડી. સાવલિયા
શ્રી ભરતભાઈ બાવીશી

: સહમંત્રી :
શ્રી રાજુભાઈ ઝાલાવડીયા
શ્રી ચંદુભાઈ રામાણી
શ્રી ધવલભાઈ કાબરીયા
શ્રી વર્ષિલભાઈ મોવલીયા
શ્રી વરૂણભાઈ પટેલ
ડો. નરેન્દ્રભાઈ સોજીત્રા

: સહ ખજાનચી :
શ્રી ગોપાલભાઈ કચ્છી
શ્રી ભરતભાઈ કાબરીયા
શ્રી વર્ષિલભાઈ સાવલિયા
શ્રી પરેશભાઈ પોકળ
શ્રી પંકજભાઈ ધાનાણી
શ્રી જગદીશભાઈ તળાવીયા
શ્રી જયસુખભાઈ સોરઠીયા

શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સલાહકાર કમિટી, વેવિશાળ ટીમ તથા તમામ સભ્યશ્રીઓ

## તેલંગાણામાં ૬૦૦ કૂતરાઓના મોતથી ખળભળાટ

હૈદરાબાદ, તા.૨૧

તેલંગાણાના વિવિધ જિલ્લાઓમાં અબોલ જીવો પ્રત્યેની ક્રૂરતાની પરાકાષ્ઠા સમાન એક ઘટના સામે આવી છે. રખડતા શ્વાનોના ત્રાસથી મુક્તિ અપાવવાના નામે ગ્રામ પંચાયતો દ્વારા સેંકડો નિર્દોષ શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપીને મોતના ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. તાજેતરની ઘટના રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં બની છે, જ્યાં અંદાજે ૧૦૦ શ્વાનોની હત્યાના આરોપમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. રંગારેડ્ડી



જિલ્લાના યાચરમ ગામમાં ૧૯ જાન્યુઆરીના રોજ આશરે ૧૦૦ જેટલા રખડતા શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપી મારી નાખવામાં આવ્યા હતા. એનિમલ ક્રુઅલ્ટી પ્રિવેન્શન આસિસ્ટન્ટની ફરિયાદના આધારે રાચાકોંડા પોલીસે ગામના સરપંચ, વોર્ડ સભ્ય અને સચિવ વિરુદ્ધ BNSની કલમ ૩૨૫ અને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઘટના પોલીસ સ્ટેશનથી માત્ર ૧ કિમીના અંતરે જ બની હતી. આ ઉપરાંત છેલ્લા બે અઠવાડિયામાં તેલંગાણાના કામારેડ્ડી અને હનમકોંડા જિલ્લાઓમાં ૫૦૦થી વધુ શ્વાનોને મારી નાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ અમાનવીય ક્રૂરતા પાછળનું મુખ્ય કારણ ગત ડિસેમ્બરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ હોવાનું મનાય છે, જેમાં અનેક ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે પોતાના ગામને 'શ્વાન-મુક્ત' બનાવવાનું વચન આપ્યું હતું. આ ચૂંટણી વાયદો પૂરો કરવા માટે, સત્તામાં આવેલા સરપંચોએ પ્રોફેશનલ 'ડોગ-કેચર્સ'ની મદદથી આયોજનબદ્ધ રીતે અજ્ઞાત ઝેરી ઈન્જેક્શન્સ આપી નિર્દોષ શ્વાનોનો સામૂહિક સફાયો કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે હનમકોંડાના ગામોમાં ૩૦૦ અને કામારેડ્ડીના ગામોમાં ૨૦૦ શ્વાનોને મારવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૭ સરપંચો સહિત ૧૫થી વધુ લોકો સામે FIR નોંધવામાં આવી છે. શ્વાનોના મૃતદેહોને ગામની બહાર ખાડો ખોદીને દફનાવી દેવામાં આવ્યા હતા, જેને હવે પોસ્ટમોર્ટમ માટે બહાર કાઢવામાં આવી રહ્યા છે. પશુ અધિકાર સંગઠનોએ આ ઘટનાની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું કે ગ્રામ પંચાયતોએ કાયદાનું ઉલ્લંઘન કરીને આ ક્રૂર કામ કર્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ શ્વાનોનું રસીકરણ અને નસબંધી કરવી અનિવાર્ય છે, પરંતુ તેમને મારી નાખવા એ ગંભીર અપરાધ છે.

AIMS - એઇમ્સ
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી



ડૉ. કશ્યપ પટેલ
MBBS, MD, DrNB (CARDIOLOGY)
ફુલ ટાઈમ કન્સલ્ટન્ટ કાર્ડિયોલોજીસ્ટ
એઇમ્સ હોસ્પિટલ - અમરેલી

સારવાર :
• 24 X 7 ફુલ ટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડીયાક સારવાર • હૃદયનો 2D ઈકો વીથ કલર ડોપલર ની સુવિધા
• ટ્રેડ મીલ ટેસ્ટ ( TMT ) • HOLTER (હોલ્ટર) અનિયમીત ધબકારા માપવા માટેની તપાસ • હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી (સ્પ્રિંગ/ સ્ટેન્ટ ) ની સારવાર • પેસમેકર (હૃદય ને ધબકતું રાખવાનું યંત્ર) ની સુવિધા ઉપલબ્ધ ( ટેમ્પટરી તથા પરમેનેન્ટ ) • હાર્ટ ફેલ્યર, પલ્મોનારી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
• હૃદયને લગતી બીમારીઓનું નિદાન અને સારવાર... છાતીનો દુઃખાવો, વાલ્વની બીમારી, હૃદય પહોળુ થવુ, હાર્ટનું પંપીગ ઓછુ હોવુ, હાર્ટ ફેલ્યર વગેરે..
• GE-Optima ની આધુનિક કેથ-લેબ દ્વારા હાર્ટ એટેક ની સારવાર
"આયુષ્યમાન કાર્ડ ધારક લાભાર્થીને એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવીધા તદ્દન ફ્રી માં ઉપલબ્ધ છે.
એઇમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
(02792) 222060
7610810827

## અમેરિકન સ્પેસ એજન્સી નાસામાંથી સુનિતા વિલિયમ્સે નિવૃત્તિ લીધી

વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકી સ્પેસ એજન્સી NASAના એસ્ટ્રોનોટ સુનીતા વિલિયમ્સે નિવૃત્તિ લઈ લીધી છે. ભારતીય મૂળના સુનીતા વિલિયમ્સે અંતરિક્ષમાં એવા અનેક રેકોર્ડ બનાવ્યા છે જે દરેક ભારતીયને ગૌરવ અપાવે છે. પછી તે સ્પેસમાં ૯ વાર વોક કરવાનું હોય કે અંતરિક્ષમાં ૬૦૦થી વધુ દિવસ વિતાવવા હોય. ગયા વર્ષે, સુનીતા વિલિયમ્સ મહિનાઓ સુધી સ્પેસમાં ફસાયેલા રહેવાને કારણે ચર્ચામાં આવ્યા હતા, તેમના પૃથ્વી પર સુરક્ષિત પરત ફરવા બદલ અમેરિકાથી ભારત



સુધી ખુશીઓ મનાવવામાં આવી હતી. સુનીતા વિલિયમ્સના નામે એક મહિલા તરીકે સૌથી વધુ સમય સુધી સ્પેસવોક કરવાનો રેકોર્ડ છે. તેઓ ૯ વાર સ્પેસવોક કરી ચૂક્યા છે, જેમાં તેમનો કુલ સમય ૬૨ કલાક ૬ મિનિટથી વધુ રહ્યો છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Liaisoning Officer - 1
Experience : 1-2 Years (Male)
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

# વડીયાના ઢૂંઢિયાપીપળીયામાં હડકાયા શ્વાનનો આતંક: વૃદ્ધ મહિલા સહિત અનેક લોકોને શિકાર બનાવ્યા

વડીયા, તા.૨૧



વડીયા તાલુકાના ઢૂંઢિયાપીપળીયા ગામે રાત્રિના સમયથી હડકાયા બનેલા શ્વાનનો આતંક જોવા મળ્યો હતો. જાણવા મળતી વિગતો મુજબ, હડકાયા શ્વાને રાત્રે એક વૃદ્ધ મહિલાને શિકાર બનાવી લોહીલુહાણ કર્યા હતા, ત્યારબાદ વહેલી સવારથી અન્ય મહિલાઓ અને લોકોને પણ નિશાન બનાવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં સરપંચ સહિતના લોકોએ શ્વાનને પકડવા તજવીજ હાથ ધરી હતી. ગામમાં ભયનો માહોલ હોવાથી લોકો હાથમાં લાકડીઓ લઈને બજારમાં નીકળતા જોવા મળ્યા હતા. શ્વાનના આતંકનો ભોગ બનનાર લોકોને ૧૦૮ મારફત વડીયા સરકારી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, અહીં તાલુકા મથકે રસી ઉપલબ્ધ ન હોવાને કારણે તમામ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અમરેલી, જેતપુર અને જૂનાગઢ રિફર કરવામાં આવ્યા હતા. હડકાયા શ્વાનના આતંકથી સમગ્ર ગામમાં ફફડાટ ફેલાયો છે.

# લાઠી પોલીસે અપહરણ અને પોક્સો એક્ટના ગુનાના આરોપીને ગણતરીની કલાકોમાં દબોચી લીધો

લાઠી, તા.૨૧



અમરેલી જિલ્લાની લાઠી પોલીસે સતર્કતા દાખવી ગંભીર પ્રકારના અપહરણ અને પોક્સો (POCSO) એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલા આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરી હતી. પોલીસે ગુનામાં સંડોવાયેલ આરોપીની અટકાયત કરી ભોગબનનારને શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ. એમ. સોની અને તેમની ટીમે તપાસ તેજ કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનમાં ભાવનગરના શિહોર તાલુકાના મોટા સુરકાના રહેવાસી ખીમા ઘનશ્યામભાઈ સંખેરા (ઉ.વ.૨૨) સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસના આરોપી અને ભોગબનનારને શોધવા માટે પોલીસે ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કર્યો હતો.

# સાવરકુંડલાના ડૉ. પ્રકાશભાઈ જાનીને શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ભાગવત પુરાણ પરના સંશોધન બદલ Ph.D. ની પદવી

સાવરકુંડલા, તા.૨૧



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના વતની ડૉ. પ્રકાશભાઈ પ્રવીણભાઈ જાનીએ વેરાવળ સ્થિત વિશ્વવિખ્યાત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી Ph.D. (પીએચ.ડી.) ની સર્વોચ્ચ શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરી સાવરકુંડલા અને સમગ્ર બ્રહ્મસમાજનું નામ રોશન કર્યું છે. ડૉ. પ્રકાશભાઈએ સનાતન ધર્મના આધારસ્તંભ સમાન 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' અને 'શ્રીમદ્ ભાગવત મહાપુરાણ' ગ્રંથો પર ગહન અને મૌલિક સંશોધન હાથ ધર્યું હતું.

# સાવરકુંડલાના થોરડી ગામે બાળકો અને મહિલાઓ માટે સારવાર કેમ્પ

અમરેલી,તા.૨૧





સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે મંગળવારે બાળકો અને મહિલાઓ માટે ભવ્ય નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે અંબુજા ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં રાજુલાના સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. મુછડીયા અને બાળરોગ નિષ્ણાંત ડો. કાતરીયા દ્વારા દર્દીઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, એનસીડી પ્રોગ્રામ હેઠળ બીપી, ડાયાબિટીસ અને કેન્સર સ્ક્રીનિંગ પણ કરવામાં આવ્યું હતું. કુલ ૧૨૭ દર્દીઓનું નિદાન કરી સ્થળ પર જ મફત દવાઓનું વિતરણ કરાયું હતું. થોરડીના સરપંચ વિપુલભાઈ બરવાળીયા, અંબુજા ફાઉન્ડેશનના કો-ઓર્ડીનેટર હિતેશભાઈ મકવાણા અને પીએચસી આંબરડીના સ્ટાફની જહેમતથી આ કેમ્પ સફળ રહ્યો હતો.

# હરિદ્વારમાં ગાયત્રી પરિવાર દ્વારા શતાબ્દી મહોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન: ૧ લાખથી વધુ લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા

ચલાલા, તા.૨૧



અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા હરિદ્વાર ખાતે તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન 'શતાબ્દી મહોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ ત્રણ વિશેષ કારણોસર યોજાઈ રહ્યો છે: ભગવતી દેવી શર્માજીના ૧૦૦ વર્ષ, ગુરુદેવે પ્રગટાવેલ અખંડ દીપકના ૧૦૦ વર્ષ અને ગુરુદેવના જપ, તપ અને અનુષ્ઠાનને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ કાર્યક્રમ હરિદ્વારમાં ચંડીદેવી અને મંસાદેવીની મધ્યમાં કનખલ ક્ષેત્રમાં વૈરાગ્યદ્વીપ ખાતે ૩૦૦ એકર જમીનમાં યોજાયો છે. આ સમગ્ર આયોજનમાં અમરેલી જિલ્લા ગાયત્રી પરિવારના ભારતભૂષણ મહેશભાઈ સહિત આશરે ૧૦૦ જેટલા પરિજનો ખાસ ઉપસ્થિત રહ્યા છે.

# બાબરકોટની નર્મદા સિમેન્ટ કંપનીમાં માર્ગ સલામતી ઝુંબેશ યોજાઈ

જાફરાબાદ, તા.૨૧



તસવીર : બાબુભાઈ વાઢેળ

માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે આજે બાબરકોટ સ્થિત નર્મદા સિમેન્ટ કંપનીના પરિસરમાં વ્યાપક માર્ગ સલામતી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વહીવટીતંત્ર, મેનેજમેન્ટ અને મજૂર પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નર્મદા સિમેન્ટ યુનિટના વડા રાજેશ આનંદજી, અમરેલી આરટીઓ એમ.વી. શાહ, ટ્રાફિક પીએસઆઈ બારડિયા, મરીન પોલીસ ટીમ, નર્મદા લોજિસ્ટિક્સ હેડ વિજય મોહતા, સેફ્ટી હેડ દાદા પીરા, સિક્યુરિટી હેડ અજિત ચૌબે અને યુનિયન પ્રમુખ સુરેશભાઈ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ૭૦ જેટલા ડ્રાઈવરોએ સક્રિય ભાગ લીધો હતો. ટ્રાફિક પીએસઆઈ અને આરટીઓ અધિકારીએ વાહનચાલકોને ટ્રાફિક નિયમો, સલામત ડ્રાઈવિંગ વર્તન અને મુસાફરી દરમિયાન જોખમો ઘટાડવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં યુનિટ હેડ રાજેશ આનંદજી અને લોજિસ્ટિક્સ હેડ વિજય મોહતાએ માર્ગ સલામતીને જીવન સલામતી સાથે જોડી દરેકને નિયમોનું પાલન કરવા હાકલ કરી હતી.

# અમરેલીમાં લગ્ન પ્રસંગે સેવાકીય પ્રવૃત્તિ : ગૌશાળા, પટેલ વાડી અને આશ્રમને લાખોનું અનુદાન

અમરેલી, તા.૨૧



ગત ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અમરેલી નિવાસી જયંતીલાલ મનજીભાઈ તળાવીયાની સુપુત્રી ચિ. દિપાલી અને જૂનાગઢ નિવાસી રમેશભાઈ મનજીભાઈ હિરપરાના સુપુત્ર ચિ. હાર્દિકના શુભ લગ્ન સંપન્ન થયા હતા. આ માંગલિક પ્રસંગે વિવિધ સેવાકીય સંસ્થાઓને ઉદાર હાથે દાન આપવામાં આવ્યું હતું. લગ્ન પ્રસંગે વરઘોડાના શુભ અવસરે ભાડેર ગામની કામધેનુ ગૌશાળા બેન્ડ પાર્ટીની યુવા ટીમ અને વડીલોએ સુંદર વાતાવરણ સર્જ્યું હતું. આ દરમિયાન આનંદિત જાનૈયાઓ દ્વારા વરઘોડાના પ્રસ્થાનથી મંડપ સુધીના સમયમાં થયેલી ધનવર્ષા થકી એકત્ર થયેલ રૂ. ૭૩,૦૦૦ની રકમ કામધેનુ ગૌશાળા બેન્ડ પાર્ટી અને વડીલોના હસ્તે ગૌમાતાની સેવામાં અર્પણ કરવામાં આવી હતી. તદુપરાંત, ચિ. દિપાલીના દાદા અને સાવરકુંડલા તાલુકાના વરિષ્ઠ આગેવાન મનજીબાપા તળાવીયા અને કસ્તુરબા તળાવીયાએ શ્રી વંડા પટેલ વાડી – વંડાને રૂ. ૨૫,૦૦૦નું યોગદાન આપ્યું હતું. તેમજ ચિ. દિપાલીના પિતા પ્રા. જે.એમ. તળાવીયા અને માતા વર્ષાબેન તળાવીયાએ શ્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ – અમરેલીને રૂ. ૨૧,૦૦૦નું દાન આપ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અને ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા.

# ખાંભાના નાની ધારીમાં વાડીમાં પોલીસનો દરોડો, ૫૫ લીટર દેશી દારૂ ઝડપાયો

ખાંભા, તા.૨૧

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત ખાંભા પોલીસ દ્વારા દારૂના દુષણને ડામવા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ખાંભાના નાની ધારી ગામે એક વાડીમાં પોલીસ દ્વારા રેઈડ કરીને દેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે નાની ધારી ગામની સીમમાં આવેલી એક વાડી/ખેતરમાં ગેરકાયદેસર દેશી દારૂનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા પ્લાસ્ટિકના કેરબા (બેરલ) માંથી ૫૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી દેશી દારૂ અને કેરબા સહિત કુલ રૂ.૧૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે, પોલીસ રેઈડ દરમિયાન આરોપી વાડી માલિક/શખ્સ હાજર મળી આવ્યો ન હતો. ખાંભા પોલીસે પાસ-પરમિટ વગર ગેરકાયદેસર રીતે દારૂ રાખવા બદલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. તાતણીયા ગામેથી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.




Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૪/૨૬ — તા.૦૯/૦૧/૨૦૨૬

**વિવાદી :-** શ્રી ઈકબાલ સુલેમાન શાહ
રહે.સેતાપાટી, લાઠી, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૪૨૭૪૫૫૬૨૯
અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદિશ જી. આસોદરીયા એડવોકેટ
તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી તા.લાઠી, જી.અમરેલી, મો.૯૩૧૬૦૬૮૪૫૬

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી નગરપાલીકા
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો ઈકબાલ સુલેમાન શાહનો જન્મ તા.૦૫/૦૩/૧૯૭૭ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૫/૨૬ — તા.૦૯/૦૧/૨૦૨૬

**વિવાદી :-** શ્રી શંભુભાઈ ખોડાભાઈ ખુંટ
રહે.અકાળા, તા.લાઠી, જી.અમરેલી, મો.૯૯૦૯૧૪૫૭૩૭
અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદિશ જી. આસોદરીયા એડવોકેટ
તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી તા.લાઠી, જી.અમરેલી, મો.૯૩૧૬૦૬૮૪૫૬

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.અકાળા, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.અકાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો રેખાબેન શંભુભાઈ ખુંટનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ અકાળા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં. 33/2026
જન્મ તારીખ : 12/01/1990

પ્રતિ,
શ્રી હાલાઈ શાબેરાબેન અબ્બાભાઈ,
રહે.મેમણ કોલોની, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રશ્રી,
ગ્રામ પંચાયત, ઘાંટવડ, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ શાબેરાબેન અબ્બાભાઈ, રહે.મેમણ કોલોની, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અબ્બાભાઈ જુસાભાઈ હાલાઈ તથા શાબેરાબેન અબ્બાભાઈ હાલાઈ ના પુત્ર અફઝલ અબ્બાભાઈ હાલાઈનો જન્મ તારીખ.12/01/1990ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.31/2026
જન્મ તારીખ : 26/12/1986

શ્રી હાલાઈ શાબેરાબેન અબ્બાભાઈ,
રહે.મેમણ કોલોની, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ શાબેરાબેન અબ્બાભાઈ, રહે.મેમણ કોલોની, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અબ્બાભાઈ મુસાભાઈ હાલાઈ તથા શાબેરાબેન અબ્બાભાઈ હાલાઈ ના પુત્રી અનિષાબેન અબ્બાભાઈ હાલાઈનો જન્મ તારીખ.26/12/1986ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# લીલીયા પોલીસે રેતીચોરી કરતા બે ડમ્પર ઝડપી લેતા ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો

**પોલીસે આ બંને વાહનો જપ્ત કરી ખાણ ખનીજ વિભાગને દંડનીય કાર્યવાહી માટે રિપોર્ટ સોંપ્યો**



અમરેલી,તા.૨૧

અમરેલી એસ.પી. સંજય ખરાતની સૂચના અને ડી.વાય. એસ.પી. ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ ખનીજ માફિયાઓ વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ. ડી. સાળુંકે દ્વારા વહેલી સવારે સલડી ગામે આકસ્મિક દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન રોયલ્ટી પાસ કે પરમિટ વગર ગેરકાયદેસર ખનીજ વહન કરતા બે ડમ્પર (નંબર GJ ૧૩ AT ૦૬૦૫ અને GJ ૦૯ X ૭૪૩૩) ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે આ બંને વાહનો જપ્ત કરી ખાણ ખનીજ વિભાગને દંડનીય કાર્યવાહી માટે રિપોર્ટ સોંપ્યો છે. પોલીસની આ આકરી કાર્યવાહીને પગલે પંથકના ખનીજમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# બાબરામાં લુખ્ખાઓ બેફામ : વિ.હિ.પ.ના પૂર્વ અધ્યક્ષ પર છરી વડે જીવલેણ હુમલો



તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૨૧

બાબરા શહેરમાં આજે ધોળે દહાડે લોહીયાળ ઘટના બની છે. સંઘના પ્રચારક અને સ્થાનિક બાઈક શોરૂમના માલિક ભરતભાઈ રાદડીયા પર અજાણ્યા શખ્સોએ છરી વડે જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ફાઈનાન્સમાં ખરીદેલ બાઈક બાબતે ચાલી રહેલી માથાકૂટમાં અમુક શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ભરતભાઈ પર તીક્ષ્ણ હથિયાર (છરી) વડે હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ભરતભાઈને તાત્કાલિક બાબરા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમની હાલત નાજુક જણાતા પ્રાથમિક સારવાર બાદ આટકોટ અને ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ રિફર કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ લાઠી- બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા હોસ્પિટલ દોડી આવ્યા હતા. સંઘના અગ્રણી પર હુમલો થવાના સમાચાર ફેલાતા હોસ્પિટલ ખાતે લોકોના મોટા ટોળા ઉમટી પડ્યા હતા. હાલ પોલીસે ગુનો નોંધી હુમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. જીવલેણ હુમલાની ઘટનાથી લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે.

# લીલીયા સરકારી વિનયન કોલેજ ખાતે સાયબર ક્રાઈમ સેમિનાર યોજાશે

લીલીયા,તા.૨૧

લીલીયામોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે તા. ૨૭ને મંગળવારે સાયબર ક્રાઈમની સમસ્યા, ફેલાવો, પ્રકાર અને સમાધાન પર દેશવિદેશથી મહેમાનો પધારશે જેમાં એસ.પી. અમરેલી, ડૉ સુભાષ ઓડેદરા સાયબર એક્સપર્ટ, ગુનાઓના ઈતિહાસ વિશે ડૉ.મનીષા પરમાર જાણીતા ઈતિહાસકાર વગેરે પોતાના વિદ્વત વક્તવ્ય આપશે. ગુજરાત સરકારના કેસીજી તેમજ સરકારી કોલેજ લીલીયાના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરેલ છે જેનો વિષય છે સાઈબર ક્રાઈમ અને સમાજ જેમાં આપણા વિસ્તારમાં આ સેમિનારમાં દેશ વિદેશમાંથી વિદ્વાનો આવી અને પોતાના મંતવ્યો રજૂ કરશે. લીલીયામાં સૌ પ્રથમવાર આ લ્હાવો લેવા માટે લીલીયા કોલેજના પ્રિન્સિપાલ ડૉ રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સૌને અનુરોધ કરવામાં આવેલ છે

# જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ચલાલાના સંસ્કૃત શક્તિ ગુરુકુળના વિદ્યાર્થીઓનું શાનદાર પ્રદર્શન



ચલાલા,તા.૨૧

ચલાલાના સંસ્કૃત શક્તિ ગુરુકુળના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને મેડલ પ્રાપ્ત કર્યો છે. તાજેતરમાં અમરેલીમાં દિલીપ સંઘાણી ટાઉનહોલમાં ચોથી જિલ્લા કરાટે ચેમ્પિયનશીપનું આયોજન યથા આર્ટ એકેડમી અને ગુજરાત વાડોકાઈ કરાટે ડુ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરમાંથી આશરે ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સંસ્કૃત શક્તિ ગુરુકુળના ૧૩ વિદ્યાર્થીઓએ ૩ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. સ્પર્ધામાં મુખ્ય અતિથિ જિલ્લા રમત-ગમત અધિકારી પુનમબેન હુમકીયાએ બાળકોને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા. મહેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે "આવી રમતગમતની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે." સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા, આચાર્ય સહિત સ્ટાફગણે તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની બાળા ચક્રફેંકમાં પ્રથમ



અમરેલી,તા.૨૧

સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની જાખરા સાનિયાએ શાળા તેમજ પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થિનીએ ખેલ મહાકુંભમાં ચક્રફેંકમાં તાલુકા કક્ષા તેમજ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવીને હવે રાજ્ય કક્ષાએ નડિયાદ ખાતે રમવા માટે જશે.

# સાવરકુંડલા ગુરુકુળના વિદ્યાર્થીએ રાજ્યકક્ષાની ગણિત સ્પર્ધામાં પાંચમું સ્થાન મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલામાં સ્વામિનારાયણ ગુરુકુળના અંગ્રેજી મીડિયમ સ્કૂલના વિદ્યાર્થી ધૈર્ય ગૌરાંગ વ્યાસને તાજેતરમાં UCMAS સંસ્થા દ્વારા યોજાયેલી ગણિત સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં પાંચમું સ્થાન મળ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતમાંથી ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધૈર્ય વ્યાસે માત્ર ૧૧ મિનિટમાં ૨૦૦ કોયડાઓ ઉકેલ્યા હતા. ગુરુકુળની પ્રાર્થનાસભામાં સંસ્થાના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી, સંસ્થાના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી અને સંસ્થાના કોઠારી અક્ષરમુક્ત દાસજી સ્વામીએ વિદ્યાર્થીને આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના ડાયરેક્ટર ગિરીશભાઈ વ્યાસે ધૈર્યનું પુસ્તકથી સન્માન કર્યું હતું. આ તકે પ્રિન્સિપાલ વૈશાલીબેન, વાઈસ પ્રિન્સિપાલ ધ્વનિબેન તમામ શૈક્ષણિક સ્ટાફ હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન સિનિયર શિક્ષક જયસુખભાઈ કાનાણી દ્વારા કરવામાં આવેલ હતું.

# અવસાન નોંધ

**ગોંડલ**

ગોંડલ લુહાર સમાજના અગ્રણી વજુભાઈ બચુભાઈ હંસોરા ઉ.વ. ૮૮નું દુઃખદ અવસાન થયેલ છે. તે ઘનશ્યામભાઈ તથા રાજુભાઈ, મુકેશભાઈ, દીપકભાઈ, કિરણભાઈના પિતા તથા તે સ્વ. બટુકભાઈ તથા સ્વ.હસુભાઈ, સ્વ. બળવંતભાઈ, સ્વ. વિનુભાઈ, પ્રકાશભાઈના મોટાભાઈ થાય છે. બેસણું તા.૨૨/૦૧/૨૦૨૬ને ગુરુવાર સાંજે ૩થી ૫ શ્રી લુહાર વાડી, ૧૫ સ્ટેશન પ્લોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

નાગજીભાઈ સવજીભાઈ પરમાર ( ઉં.વ. ૮૦ )નું તા.૨૦/૧/૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે દિનેશભાઈ નાગજીભાઈ પરમાર તથા સુરેશભાઈ નાગજીભાઈ પરમાર તથા નિલેશભાઈ નાગજીભાઈ પરમારના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૨૨/૧/૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ કોર્નરની વાડી નીચેનો વિભાગ પારેખ વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**અમરેલી**

અમરેલી નિવાસી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ કાંતાબેન નાથાલાલ પંડ્યા (ઉ.વ.૯૫) તા.૨૧ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે વિનોદભાઇ પંડ્યા (અમદાવાદ), અશોકભાઇ પંડ્યા ( BSNL ) (અમરેલી) તથા ઉષાબેન અરૂણકુમાર જોષી (રાજકોટ)ના માતુશ્રી તથા કેયુરભાઇ, નિકુંજભાઇ, રૂષીભાઇ તથા પૂજાબેન પાર્થકુમાર જોષીનાં દાદીબા તથા પ્રેમશંકર હરિશંકર પંડ્યાના બહેન થાય છે. સદગતનું બેસણું તા.૨૨ ગુરૂવારના રોજ બપોરે ૪થી સાંજના ૬ સુધી આર.કે. હોલ, કેરીયા રોડ, રેલવે ગરનાળા પાસે અમરેલી ખાતે રાખેલ છે.






## -:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં. 32/2026
જન્મ તારીખ : 30/12/1978

શ્રી હાલાઈ શાબેરાબેન અબ્બાભાઈ,
રહે.મેમણ કોલોની, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ઘાંટવડ, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ શાબેરાબેન અબ્બાભાઈ, રહે.મેમણ કોલોની, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અબ્બાભાઈ મુસાભાઈ હાલાઈ તથા શાબેરાબેન અબ્બાભાઈ હાલાઈ ના પુત્ર અશરફ અબ્બાભાઈ હાલાઈનો જન્મ તારીખ.30/12/1978ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડો સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડો સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## -:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.21/2026
જન્મ તારીખ : 07/08/2000

શ્રી સમજુબેન ભાણાભાઈ સોલંકી,
રહે.નાની ઈંચવડ, ગામ-નાની ઈંચવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, ઈંચવડ, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સમજુબેન ભાણાભાઈ સોલંકી, રહે.નાની ઈંચવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ભાણાભાઈ નારણભાઈ સોલંકી તથા સોનલબેન ભાણાભાઈ સોલંકી ના પુત્રી સોનલબેન ભાણભાઈ સોલંકીનો જન્મ તારીખ.07/08/2000ના રોજ કોડીનાર તાલુકાના ઈંચવડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જ.મ. અપીલ રજી નં. ૧૨/૨૦૨૬ તા.૦૫/૦૧/૨૦૨૬

અરજદાર :- શ્રી બાબુભાઈ ખોડાભાઈ રૂડાણી
રહે.ચલાલા તા.ધારી, જી.અમરેલી
અરજદારના વકીલ : પરેશ જી. તળાવીયા

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ.ચલાલા, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ધારી તાલુકાના ચલાલા ગામમાં અરજદારશ્રી બાબુભાઈ ખોડાભાઈ રૂડાણી એ તેઓના પુત્રી હર્ષાબેન બાબુભાઈ રૂદાણી નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬નાં રોજ ચલાલા ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૫/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી

## -:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કોડીનાર //-**

અરજી નં.23/2026
જન્મ તારીખ : 01/06/1980

શ્રી શાંતાબેન ધીરૂભાઈ મોરી,
રહે.આલીદર, ગામ-આલીદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, આલીદર, તાલુકા-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી શાંતાબેન ધીરૂભાઈ મોરી, રહે.અલીદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ધીરૂભાઈ અરજણભાઈ મોરડી તથા શાંતાબેન ધીરૂભાઈ મોરી ના પુત્ર પ્રતાપભાઈ ધીરૂભાઈ મોરીનો જન્મ તારીખ.01/06/1980ના રોજ કોડીનાર તાલુકાના આલીદર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.9/2026

પ્રતિ,
શ્રી રઘુભાઈ માલાભાઈ કટારા,
રહે. છારા, ગામ-છારા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છારા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના છારા ગામના રહીશ રઘુભાઈ માલાભાઈ કટારા તથા રઘુભાઈ માલાભાઈ કટારાના પુત્રી ભૂમિબેન રઘુભાઈ કટારા નો જન્મ તારીખ 31/05/2009 ના રોજ કોડીનાર તાલુકાના છારા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત છારા, તાલુકો કોડીનાર સને.2009 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના પદાધિકારીઓએ

# રાજ્યના શિક્ષણમંત્રી સાથે બેઠક યોજી વિવિધ મુદ્દે ચર્ચા કરી

**જુના શિક્ષકોની બદલી, ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાના કર્મચારીઓના ભથ્થામાં વધારો સહિતના મુદ્દાઓ રજૂ કરાયા**

અમરેલી,તા.૨૧

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના પદાધિકારીઓએ તાજેતરમાં રાજ્યના શિક્ષણમંત્રી માન. પ્રદ્યુમનભાઈ વાઝા, રીવાબા જાડેજા તેમજ બોર્ડ સચિવ વ્યાસ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલ, સંગઠન મંત્રી સરદારસિંહ મછાર, પ્રાથમિક સંવર્ગ અધ્યક્ષ અનિરુદ્ધસિંહ સોલંકી, માધ્યમિક સંવર્ગ મહામંત્રી જિતેન્દ્ર ઠાકર સહિત વિવિધ સંવર્ગોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન પ્રાથમિક સંવર્ગના



HTAT મુખ્ય શિક્ષક ચાર્જ બાબતે ૧૭/૦૧/૨૦૨૬ના પરિપત્ર અંગે વિગતવાર ચર્ચા કરી તેને રદ કરવાની માંગ રજૂ કરવામાં આવી. ઉપરાંત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આચાર્ય સંવર્ગ, જુના શિક્ષકોની બદલી, G-CARD અમલ, ધોરણ ૧૦-૧૨ બોર્ડ પરીક્ષાના કર્મચારીઓના ભથ્થામાં વધારો તથા તા.૧/૪/૨૦૦૫ પૂર્વેની ભરતી પ્રક્રિયા સંબંધિત મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ રજૂઆતો અંગે સકારાત્મક કાર્યવાહી કરવાની આશા વ્યક્ત કરવામાં આવી હોવાનું અમરેલી જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોએ જણાવ્યું છે.

# રાજુલા ટ્રાફિક પોલીસનો સપાટો : નિયમો તોડવા બદલ વાહન ચાલકોને દંડ ફટકાર્યો

રાજુલા,તા.૨૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના પી.આઈ. તરીકે વિજય કોલાદરાએ ચાર્જ સંભાળતાની સાથે જ કડક કાર્યવાહી શરૂ કરી છે. વિસ્તારના અનુભવી પી.આઈ. કોલાદરાએ આજે હોસ્પિટલ ચોક અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. પી. આઈ. કોલાદરા અને પીએસઆઈ ચૌહાણ સહિતના કાફલાએ ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૪૦ દંડની પાવતી ફાડી રૂ. ૧૦,૫૦૦નો દંડ વસૂલ્યો હતો, જ્યારે ૦૩ વાહનો ડીટેઈન કર્યા હતા. ડ્રાઈવ દરમિયાન બ્લેક ફિલ્મ, ત્રિપલ સવારી, ફેન્સી નંબર પ્લેટ અને મોબાઈલના વપરાશ સામે કડક પગલાં લેવાયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી પીએસઆઈ જાની દ્વારા ટ્રાફિક કામગીરી ચાલુ જ હતી, પરંતુ આજે પી.આઈ. પોતે મેદાનમાં ઉતરતા નિયમભંગ કરનારા વાહનચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

# સગાઈ તૂટતા ઉશ્કેરાયેલા યુવકે યુવતી અને તેના પરિવારને ફોન પર બિભત્સ ગાળો ભાંડી

**સુરતના યુવક સામે પોલીસ ફરિયાદ**

રાજુલા, તા.૨૧

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં સગાઈ તૂટી જવાની અદાવત રાખી એક શખ્સે યુવતી અને તેના પરિવારજનોને ફોન પર બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. આ અંગે રાજુલામાં રહેતા જયંતીભાઈ છગનભાઈ રાઠોડ (ઉ.વ.૫૪) એ સુરતના કતારગામમાં રહેતા દેવાંગ હિમંતભાઈ ટાંક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, રાજુલામાં રહેતા ફરિયાદીની દીકરીની સગાઈ આરોપી સાથે કરવામાં આવી હતી. જોકે, સગાઈ થયાના થોડા સમય બાદ આરોપી યુવકે યુવતીને અવાર-નવાર ફોન કરીને માનસિક હેરાનગતિ શરૂ કરી હતી અને ફોન પર જેમ ફાવે તેમ ગાળો આપતો હતો. યુવકના આ ખરાબ વર્તનને કારણે કંટાળીને યુવતીના પરિવારે સગાઈ તોડી નાખવાનો નિર્ણય લીધો હતો. સગાઈ તૂટી જવાથી ઉશ્કેરાયેલા આરોપીએ આ વાતનું મનદુઃખ રાખ્યું હતું. તેણે તેમને તેમજ સાહેદોને જુદા-જુદા મોબાઈલ નંબરો પરથી ફોન કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ ફોન પર અત્યંત બિભત્સ શબ્દોમાં ગાળો ભાંડી પરિવારને પરેશાન કર્યો હતો. આ મામલે ફરિયાદીએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જિલ્લા કલેકટરે બગસરા તાલુકાની વિવિધ કચેરીની મુલાકાત લીધી

બગસરા,તા.૨૧

અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા આજે બગસરા તાલુકાના વિવિધ સ્થળોની સઘન મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે મામલતદાર કચેરી ખાતે આયોજિત 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'માં અધ્યક્ષસ્થાને હાજરી આપી હતી, જેમાં કુલ ૧૧ પ્રશ્નોની ચર્ચા કરી તેના



તસવીર : હાર્દિક બામટા

ત્વરિત નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારબાદ, કલેક્ટરે શહેરના પોલીસ સ્ટેશન અને માણેકવાડા ગામે ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લઈ મહેસુલી દફતરોની તપાસણી કરી હતી. તેમણે માણેકવાડા પ્રાથમિક શાળાના મધ્યાહ્ન ભોજન કેન્દ્ર અને આંગણવાડીની પણ રૂબરૂ મુલાકાત લીધી હતી. બાળકોને નિયમિત પૌષ્ટિક આહાર મળે તેમજ સમયસર વેક્સિનેશન અને આરોગ્ય તપાસ થાય તે સુનિશ્ચિત કરવા તેમણે હાજર સ્ટાફને કડક આદેશ આપ્યા હતા.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને

# અમરેલી જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં નવ ભારત સાક્ષરતા કાર્યક્રમને વધુ અસરકારક રીતે અમલી બનાવવા માટે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સોલંકીએ કાર્યક્રમની વિગત રજૂ કરતાં જણાવ્યું હતું કે, NILPનો મુખ્ય હેતુ ૧૫ વર્ષ અને તેથી વધુ વયના નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવી તેમને શિક્ષણની મુખ્યધારામાં જોડવાનો છે. કાર્યક્રમ અંતર્ગત વાંચન, લેખન અને ગણિત જેવી મૂળભૂત ક્ષમતાઓ વિકસાવી નાગરિકોને દૈનિક જીવનમાં સ્વનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવે




છે. આ સાથે મોબાઈલ, ઈન્ટરનેટ અને વિવિધ સરકારી ડિજિટલ સેવાઓનો સુરક્ષિત અને યોગ્ય ઉપયોગ કરી શકે તે માટે જાગૃતિ લાવવામાં આવે છે. ઉપરાંત કાનૂની સાક્ષરતા, આરોગ્ય, કુટુંબ કલ્યાણ, આપત્તિ વ્યવસ્થાપન, કલા, વિજ્ઞાન, ટેકનોલોજી, સંસ્કૃતિ અને રમત-ગમત અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. કાર્યક્રમ દ્વારા મહિલા, વંચિત વર્ગ અને ગ્રામ્ય-શહેરી ગરીબ વર્ગને પ્રાધાન્ય આપીને સમાવેશક શિક્ષણને વેગ આપવાનો સંકલ્પ લેવાયો છે.

**ગ્રામ્ય-શહેરી ગરીબ વર્ગને પ્રાધાન્ય આપીને સમાવેશક શિક્ષણને વેગ આપવાનો સંકલ્પ લેવાયો**

# ૨૨મા હપ્તા માટે અમરેલી જિલ્લાના ખેડૂતો માટે આઈ.ડી. નોંધણી ફરજિયાત

અમરેલી,તા.૨૧

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ. ડી. મળશે.

"પી.એમ.કિસાન યોજના" તળે આગામી ૨૨મા હપ્તા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત છે.

"પી.એમ.કિસાન યોજના"ના લાભાર્થીએ આ લાભ મેળવવા માટે નોંધણી કરાવવી જરૂરી છે. ફાર્મર રજિસ્ટ્રેશન માટે જે તે ગામના વી.સી.ઈ અથવા વી.એલ.ઈ ઓપરેટર અથવા જનસેવા કેન્દ્ર મારફત નોંધણી કરાવી શકાય છે. તમામ ખેડૂતોને ફાર્મર રજિસ્ટ્રેશન કરાવવા માટે અનુરોધ છે.

ખેડૂતોએ નોંધણી માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને જમીનની વિગત સાથે રાખવી તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**નોંધણી માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને જમીનની વિગત સાથે રાખવી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચોથ
તા.૨૨-૦૧-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૨૨-૦૧-૨૦૨૬ ગુરૂવાર

મેષ: અધિકારીઓના આશીર્વાદથી, આજે તમારી કોઈપણ કિંમતી વસ્તુ અથવા મિલકત મેળવવાની ઇચ્છા પૂર્ણ થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે સારો છે અને તમને બીજાઓને મદદ કરવામાં વધુ આનંદ મળે છે. તમારો દિવસ દાન-પુણ્યમાં વિતાવો.

મિથુન: આજે ગ્રહોની શુભ સ્થિતિને કારણે તમને મોટી રકમ મળશે અને બાકી રહેલા કાર્ય પૂર્ણ થશે. પૂર્ણ થયા પછી મનમાં સંતોષ રહેશે.

કર્ક: આજનો દિવસ ખુશીનો છે. તમે તમારા પરિવાર સાથે સારો સમય વિતાવશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોની યુતિને કારણે શુભ સંયોગો બની રહ્યા છે. પરિણામે, વૃદ્ધોની સેવા કરીને અને સારા કાર્યોમાં પૈસા ખર્ચ કરીને મનમાં આનંદ થશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામો આપવાનો છે. નાણાકીય બાજુ મજબૂત રહેશે. અટકેલા કામ પૂર્ણ થશે અને ખ્યાતિમાં વધારો થશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને ખાસ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત બનશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામો આપવાનો છે. તમને રાજકીય ક્ષેત્રમાં તાત્કાલિક સફળતા મળશે અને બાળકો પ્રત્યેની તમારી જવાબદારીઓ પણ પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા લગ્ન જીવનમાં ખુશીઓ વધશે. તમે આજે મુસાફરી કરી શકો છો, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરગથ્થુ વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

કુંભ: કોઈપણ મિલકત ખરીદતી વખતે કે વેચતી વખતે, તેના તમામ કાનૂની પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરો. પાછળથી દગો થઈ શકે છે.

મીન: આજે તમે તમારા દ્વારા આયોજન કરાયેલા કાર્યો પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતાં વધુ સારી રહેશે. વ્યવસાય બદલવાની યોજના છે.

# સા.કુંડલા શહેરમાં રસોઈ બનાવતી વખતે ગેસ સિલિન્ડર લીક થતા લાગેલીમાં આગમાં વૃધ્ધ દાઝ્યા

**ઘરવખરી બળીને ખાખ થઈ જતાં લાખોનું નુકસાન**

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેરમાં ગેસ સિલિન્ડર લીકેજ થવાને કારણે આગ લાગવાની એક ગંભીર ઘટના સામે આવી હતી. આ દુર્ઘટનામાં એક વૃદ્ધ ગંભીર રીતે દાઝી ગયા છે, જ્યારે ઘરની લાખો રૂપિયાની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલામાં રહેતા ઈન્દ્રકાન્તભાઈ પોતાના ઘરે અડદિયો (મીઠાઈ) બનાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમના ઘરમાં રહેલા ઈન્ડેન કંપનીના ગેસ સિલિન્ડરમાં વચ્ચેના ભાગે તિરાડ પડી હતી. સિલિન્ડરમાં તિરાડ પડતા જ તેમાંથી ગેસ લીકેજ થવા લાગ્યો હતો અને જોતજોતામાં રસોડામાં ભયાનક આગ ફાટી નીકળી હતી. આગની લપેટમાં આવી જવાથી ઈન્દ્રકાન્તભાઈ શરીરના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આગ એટલી વિકરાળ હતી કે ઘરમાં રહેલી ચીજવસ્તુઓ અને અન્ય સામાન મળી અંદાજિત રૂ.૧,૨૦,૦૦૦ ની ઘરવખરી સળગીને રાખ થઈ ગઈ હતી.આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા અદાલતમાં આગામી તા. ૨૬મીએ ૧૦ વાગ્યે ધ્વજવંદન કરાશે

અમરેલી,તા.૨૧

દર વર્ષે સમગ્ર ભારતભરમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી હાથ ધરવામાં આવે છે. પ્રજાસત્તાક પર્વને લઈ અમરેલી સ્થિત જિલ્લા અદાલત કંપાઉન્ડ ખાતે સવારે ૧૦ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જેમાં અમરેલીની તમામ અદાલતોના તમામ ન્યાયાધીશો, કર્મચારીઓ, વકીલો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશના વરદ્હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.

અમરેલી જિલ્લા અદાલતમાં યોજાનારા આ ધ્વજવંદન કાર્યક્રમમાં તમામ વકીલ મિત્રો અને શહેરના શ્રેષ્ઠિઓ સહિત નાગરિકોએ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલીમાં જાહેર રસ્તા પર ટ્રાફિકને અડચણરૂપ રિક્ષા પાર્ક કરનાર ચાલક સામે પોલીસની કાર્યવાહી

**આડેધડ વાહન પાર્ક કરનારાઓ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરમાં જાહેર માર્ગો પર આડેધડ વાહન પાર્કિંગ કરીને ટ્રાફિક વ્યવસ્થા ખોરવતા વાહનચાલકો સામે પોલીસે લાલ આંખ કરી છે. તાજેતરમાં અમરેલીમાં એક વેપારી વિસ્તાર પાસે પોતાની રિક્ષા બિનજવાબદારીપૂર્વક પાર્ક કરનાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, અમરેલીમાં જાહેર રસ્તા પરથી પસાર થતા વાહનો અને રાહદારીઓને ભારે અડચણ ઉભી થાય તે રીતે એક રિક્ષા પાર્ક કરવામાં આવી હતી. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન જોવા મળ્યું હતું કે, બજાજ મેક્ષીમા (રજી. નં. GJ-૧૪-Y-૩૫૬૩) જેની અંદાજિત કિંમત રૂ.૨,૦૦,૦૦૦ છે તે રસ્તાની વચ્ચે ઉભી રાખવામાં આવી હતી. આ રિક્ષાના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હોવાથી અને લોકોની અવરજવરમાં રૂકાવટ આવતી હોવાથી, પોલીસે રિક્ષા ચાલક/માલિક વિરુદ્ધ જાહેર માર્ગ પર અડચણ ઉભી કરવાના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાઠીના આસોદર ગામે વૃધ્ધે માનસિક બીમારીથી કંટાળી ઝેરી દવા પીધી

લાઠી, તા.૨૧

લાઠી તાલુકાના આસોદર ગામે એક ૬૦ વર્ષીય વૃદ્ધે માનસિક બીમારીથી કંટાળીને ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી હતી. હાલ વૃદ્ધને ગંભીર હાલતમાં સારવાર અર્થે અમરેલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આસોદર ગામે રહેતા બટુકભાઈ ભીખાભાઈ કાલરીયા (ઉ.વ. ૬૦) છેલ્લા બે મહિનાથી માનસિક બીમારીથી પીડાતા હતા.

બીમારીના કારણે તેઓ સતત ચિંતામાં રહેતા હતા. દરમિયાન, તેઓ પોતાની વાડીએ ખાટલા પર સૂતા હતા ત્યારે બાજુમાં પડેલા ગ્લાસમાં પોતાની મેળે ઝેરી દવા ભેળવીને પી લીધી હતી. પરિવારજનોને આ ઘટનાની જાણ થતાં જ તેઓ તાત્કાલિક બટુકભાઈને અમરેલીની ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ આવ્યા હતા. હાલ તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે અને ડોક્ટરોની ટીમ તેમની સારવાર કરી રહી છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ઈરાનની અશાંતિ એક નવી આફત

મધ્ય પૂર્વ અને ખાડીના દેશોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલની ભયાનક કાર્યવાહી બાદ હવે ઈરાન પર અશાંતિના વાદળો ઘેરાઈ રહ્યા છે. ઈરાન આજે એક એવા મોડ પર પર ઉભું છે જ્યાં બહારથી બધું શાંત દેખાય છે, પરંતુ અંદરથી અસંતોષ, ભય અને ગુસ્સો ધીમે ધીમે ઉકળતો જઈ રહ્યો છે. તેહરાનની ગલીઓમાં માસ્ક પહેરેલા લોકો, બિનસત્તાવાર કર્ફ્યુ, છત પર સેટેલાઈટ ડીશ શોધતા સુરક્ષા દળો અને વિરોધને ટેકો આપનાર ઉદ્યોગપતિઓની ધરપકડ—આ બધું બતાવે છે કે શાસન તંત્ર પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે કડક પગલાં લઈ રહ્યું છે. પરંતુ આ દમન વચ્ચે સૌથી મહત્વની બાબત એ છે કે હવે સત્તાના અંદરથી જ અસંમતિના અવાજ ઊઠવા લાગ્યા છે. આ અવાજ ઈરાન માટે માત્ર ચેતવણી નથી, પરંતુ પરિવર્તનની અનિવાર્યતાનો સંકેત છે. હાલની હિંસક કાર્યવાહી પછી શાસક વર્ગની અંદરથી જે પ્રશ્નો ઊભા થયા છે, તે પહેલાં ક્યારેય એટલા ખુલ્લા અને સ્પષ્ટ નહોતા. ચૌદ સુધારાવાદી મૌલવીઓ અને બૌદ્ધિકો દ્વારા બહાર પાડવામાં આવેલું ઘોષણાપત્ર આ દિશામાં મહત્વપૂર્ણ ઘટના છે. તેમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે જો શાંતિપૂર્ણ અને મૂળભૂત સુધારાઓ નહીં થાય, તો પરિસ્થિતિ વધુ વિસ્ફોટક બનશે. આ માત્ર વિરોધનું નિવેદન નથી, પરંતુ સત્તાધીશો માટે અંતિમ ચેતવણી છે. ‘‘રેખા ઓળંગી ગઈ છે’’ અને ‘‘જૂની વ્યવસ્થા હવે ટકી શકશે નહીં’’ જેવા શબ્દો બતાવે છે કે અંદરખાને પણ હાલની વ્યવસ્થા પ્રત્યે વિશ્વાસ ડગમગી રહ્યો છે. ઈરાનનું શાસન વર્ષોથી દમન, ધાર્મિક સત્તા અને કડક નિયંત્રણ પર ટકેલું રહ્યું છે. પરંતુ સમય બદલાયો છે. નવી પેઢી વધુ માહિતગાર છે, દુનિયાને જોઈ રહી છે અને પોતાના પ્રશ્નો માટે જવાબ માંગે છે. ઈન્ટરનેટ પરના પ્રતિબંધો અને સ્ટારલિંક જેવી સેવાઓને અવરોધવાના પ્રયાસો એ સાબિત કરે છે કે શાસન તંત્રને માહિતીના પ્રવાહથી ભય છે. માહિતી જ્યાં પહોંચે છે, ત્યાં પ્રશ્નો ઊભા થાય છે, અને પ્રશ્નો સત્તાને અસ્વસ્થ બનાવે છે. આંતરિક અસંતોષની સાથે બહારની પરિસ્થિતિ પણ ઈરાન માટે ચિંતાજનક છે. અમેરિકાના રાજકારણમાં ડોનાલ્ડ ટ્રમ્પની સંભવિત વાપસી અને ખાડી તરફ વધતી અમેરિકી નૌકાદળની હાજરી તેહરાનને વધુ દબાણમાં મૂકી રહી છે. શાસક વર્ગના કેટલાક સમજદાર લોકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે બહારથી લાદવામાં આવનારા પરિવર્તન કરતાં જાતે સુધારા કરવો વધુ યોગ્ય છે. આ વિચારમાં વ્યાવહારિકતા છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે શાસન સમયસર પરિવર્તન સ્વીકારતું નથી, ત્યારે પરિવર્તન હિંસક અને વિનાશક સ્વરૂપે આવે છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખામેની પર પણ હવે પ્રશ્નો ઊઠી રહ્યા છે. ૮૬ વર્ષની ઉંમરે તેઓ એક એવા દેશનું નેતૃત્વ કરી રહ્યા છે, જ્યાં યુવા પેઢીની આશાઓ અને શાસનની નીતિઓ વચ્ચે ઊંડો ખાડો ઊભો થયો છે. ટીકાકારોનું કહેવું છે કે અમેરિકા સાથે પરમાણુ કરાર પરના અડગ વલણને કારણે ઈરાને ૨૦૨૫માં પ્રતિબંધો હટાવવાની તક ગુમાવી. આ નિર્ણયોની કિંમત સામાન્ય નાગરિકોએ મોંઘવારી, બેરોજગારી અને આંતરરાષ્ટ્રીય એકલતાના રૂપમાં ચૂકવી છે. માનવ અધિકાર સંગઠનોના આંકડા પરિસ્થિતિની ગંભીરતા વધુ સ્પષ્ટ કરે છે. સત્તાવાર રીતે હજારો લોકોના મૃત્યુ અને દસ હજારની ધરપકડની વાત છે, જ્યારે સ્થાનિક લોકો કહે છે કે વાસ્તવિક આંકડો ઘણો વધારે છે. સીધી માથામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાના આરોપો શાસનની ક્રૂરતાને ઉજાગર કરે છે. આવા દમનથી શાંતિ સ્થપાતી નથી, પરંતુ ભય અને ગુસ્સો વધુ ઊંડો બને છે.

# વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા નાણાકીય સુરક્ષાની છે

‘ઓછી મહેનતે વધુ આવક’ આ શબ્દો સાંભળતા જ કોઈપણ વ્યક્તિનું ધ્યાન ખેંચાય. ખાસ કરીને કોરોનાકાળ પછી, જ્યારે લાખો લોકોએ નોકરી ગુમાવી, ધંધા ઠપ્પ થયા અને આવકના સ્ત્રોત અચાનક બંધ થઈ ગયા, ત્યારે આવી વાતો વધુ આકર્ષક લાગી. ઘેરબેઠાં કામ કરવાની તક, મોબાઈલથી કમાણી, દિવસમાં બે કલાક કામ અને હજારો રૂપિયાનું વળતર આવા વચનો ઘણા લોકો માટે આશાની કિરણ બનીને આવ્યા. પરંતુ દુર્ભાગ્ય એ છે કે આ આશા ઘણીવાર છેતરપિંડીના અંધકારમાં ફેરવાઈ જાય છે. આ નિબંધમાં આપણે સમજવાનો પ્રયત્ન કરીશું કે ઘેરબેઠાં કામના નામે કેવી રીતે ફ્રોડ થાય છે, લોકો કેમ તેમાં ફસાઈ જાય છે અને સામાન્ય માણસે કેવી રીતે સાવચેત રહેવું જોઈએ. કોરોના પહેલાં પણ ઘેરબેઠાં કામનો વિચાર નવો નહોતો. આઈટી ક્ષેત્ર, વીમા એજન્ટો, કન્સલ્ટન્ટ્સ અથવા ફ્રીલાન્સ કામ કરનારાઓ માટે વર્ક-ફ્રોમ-હોમ સામાન્ય બાબત હતી. કેટલાક લોકો પાસે ખાસ આવડત હતી લેખન, ડિઝાઈન, પ્રોગ્રામિંગ, અનુવાદ અને તેઓ ઘરેથી જ કામ કરીને આવક મેળવતા. પરંતુ મોટાભાગના લોકો માટે નોકરીનો અર્થ ઓફિસમાં જઈને કામ કરવો હતો. કોરોનાએ આ વિચાર બદલ્યો. લોકડાઉનના સમયમાં લેપટોપ અને મોબાઈલ જ ઓફિસ બની ગયા. ઘણા લોકો માટે આ સરળ બદલાવ હતો, કારણ કે તેમની નોકરી પહેલેથી એવી હતી. પરંતુ જે લોકો રોજિંદી કમાણી પર આધાર રાખતા હતા, મજૂરી કરતા હતા અથવા નાના ધંધા કરતા હતા, તેમના માટે આ સમય ખૂબ કઠિન સાબિત થયો. આ પરિસ્થિતિનો લાભ લઈને ફ્રોડ કરનારાઓ સક્રિય બન્યા. પહેલાં છાપાંમાં ‘ઘેરબેઠાં કમાઓ’ લખેલા ફરફરિયાં જોવા મળતા. હવે આ ફરફરિયાં મોબાઈલ સ્ક્રીન પર, સોશિયલ મીડિયા પર, વોટ્સએપ મેસેજમાં અને અજાણી વેબસાઈટ્સ પર દેખાવા લાગ્યા. ટાઈપિંગનું કામ, ડેટા એન્ટ્રી, ટ્રાન્સલેશન, ઓનલાઈન સર્વે, જાહેરાતો પર ક્લિક કરવું આ બધું બહુ સરળ લાગે એવું બતાવવામાં આવે છે. સાથે જ કહેવામાં આવે છે કે કોઈ ખાસ આવડતની જરૂર નથી, માત્ર થોડો સમય અને ઈન્ટરનેટ કનેક્શન પૂરતું છે. સમસ્યા અહીંથી શરૂ થાય છે. જે વ્યક્તિ પહેલેથી આર્થિક તંગી અનુભવી રહી હોય, તેને જ્યારે આવો કોઈ મેસેજ મળે ત્યારે તે આશા રાખે છે કે કદાચ આ રસ્તે થોડી આવક મળી જશે. ફ્રોડ કરનારાઓ આ માનસિક સ્થિતિને સારી રીતે સમજે છે. તેઓ પહેલા વિશ્વાસ બનાવે છે, મીઠી



વાતો કરે છે, થોડા નકલી પુરાવા બતાવે છે અને પછી કોઈ ને કોઈ બહાને પૈસા માંગે છે. ક્યારેક રજિસ્ટ્રેશન ફી, ક્યારેક ટ્રેનિંગ ચાર્જ, તો ક્યારેક સિક્યુરિટી ડિપોઝિટ. રકમ સામાન્ય રીતે નાની રાખવામાં આવે છે, જેથી માણસ વિચાર કરે કે ‘ચાલો, અજમાવી લઈએ’. એકવાર પૈસા ગયા પછી ન તો કામ મળે, ન તો સંપર્ક રહે. કોરોનાકાળ દરમિયાન ઈન્સ્ટન્ટ લોન એપ્સનો ધંધો પણ ખૂબ ફૂલ્યો હતો. સરળ લોન, ઓછા દસ્તાવેજો અને તરત

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

પૈસા આ વચનો આપીને લોકોના મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવવામાં આવી. શરૂઆતમાં થોડા રૂપિયા મળે, પરંતુ પછી ઊંચા વ્યાજ, ખોટી શરતો અને ધમકીઓ શરૂ થાય. આ પણ એક પ્રકારની છેતરપિંડી જ હતી, જેમાં લોકો પોતાની આર્થિક મુશ્કેલીમાંથી બહાર આવવા જતા વધુ ફસાતા ગયા. ઘેરબેઠાં કામમાં ફ્રોડ કેમ વધારે છે તેનું એક મોટું કારણ એ છે કે નેટ પર ખરેખર કામ આપતી કંપનીઓ કરતાં ઠગોની સંખ્યા વધુ છે. સાચી કંપનીઓ સામાન્ય રીતે સ્પષ્ટ માહિતી આપે છે, તેમની વેબસાઈટ, ઓફિસનું સરનામું અને સંપર્ક વિગતો સ્પષ્ટ હોય છે. જ્યારે ફ્રોડ કરનારાઓ અસ્પષ્ટ વાતો કરે છે, વધારે કમાણીના વચનો આપે છે અને ઝડપથી નિર્ણય લેવા દબાણ કરે છે. તેઓ કહે છે કે તક મર્યાદિત છે, આજે જ જોડાવું પડશે. આ દબાણમાં માણસ વિચાર્યા વગર નિર્ણય લઈ લે છે. એ સમજવું પણ જરૂરી છે કે ઘેરબેઠાં કામ ખરેખર શક્ય છે, પરંતુ તે માટે ચોક્કસ આવડત અને મહેનત જરૂરી છે. જેમ કોઈ બજારમાં જઈને દુકાન ખોલે છે ત્યારે તરત મોટો નફો થતો નથી, તેમ ઓનલાઈન કામમાં પણ સમય લાગે છે. લેખન, ડિઝાઈન, પ્રોગ્રામિંગ, ડિજિટલ માર્કેટિંગ જેવી આવડત ધરાવતા લોકો માટે ઈન્ટરનેટ એક વિશાળ બજાર છે. તેઓ દુનિયાભરના ક્લાયન્ટ્સ સાથે કામ કરી શકે છે. પરંતુ જે લોકો પાસે આવી કોઈ ખાસ સ્કિલ નથી, તેમના માટે ‘સરળ કામ અને મોટી કમાણી’ની વાતો મોટેભાગે ખોટી સાબિત થાય છે. સામાન્ય માણસે સાવચેત રહેવા માટે કેટલાક મૂળભૂત સિદ્ધાંતો સમજવા જરૂરી છે. જો કોઈ કામ માટે પહેલા પૈસા માંગવામાં આવે તો શંકા કરવી જોઈએ. સાચી નોકરી કે કામ આપનાર સામાન્ય રીતે કર્મચારી પાસેથી ફી લેતા નથી. બીજું, વધારે કમાણીના અતિશય વચનો હંમેશા ખોટા હોય છે. ત્રીજું, કોઈપણ ઓફર સ્વીકારતા પહેલાં કંપની વિશે માહિતી તપાસવી જોઈએ. ગૂગલ પર સર્ચ કરવું, રિવ્યુ વાંચવા, અન્ય લોકોને પૂછવું આ બધું સમય લે છે, પણ નુકસાનથી બચાવે છે. આજે ઈન્ટરનેટ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. તે જેટલું ઉપયોગી છે, તેટલું જ જોખમી પણ બની શકે છે, જો સમજદારીથી ઉપયોગ ન કરીએ. કોરોનાએ આપણને શીખવ્યું કે પરિસ્થિતિ કોઈપણ સમયે બદલાઈ શકે છે. આવી સ્થિતિમાં સહેલાઈથી મળતી લાલચમાં ફસાવાને બદલે લાંબા ગાળે ફાયદાકારક રસ્તા શોધવા જરૂરી છે. સાચી આવડત શીખવી, ધીરજ રાખવી અને સાવચેત રહેવું આ ત્રણ બાબતો આપણને ફ્રોડથી બચાવી શકે છે. ઘેરબેઠાં કામ ખરાબ નથી, પરંતુ અંધવિશ્વાસ ખરાબ છે. જો આપણે સમજદારીથી વિચારીએ, માહિતી તપાસીએ અને લાલચથી દૂર રહીએ, તો છેતરપિંડીની જાળમાંથી બચી શકીએ. આગળના સમયમાં સાચી રીતે ઓનલાઈન કામ કેવી રીતે મેળવવું, તેની તકો શું છે અને કેવી રીતે પોતાને મજબૂત બનાવવું એ બધાની ચર્ચા અલગથી કરી શકાય. અત્યારે એટલું જ પૂરતું છે કે ‘ઓછી મહેનતે વધુ આવક’ના મીઠા શબ્દો પાછળ છુપાયેલી કડવી હકીકતને ઓળખી લઈએ. કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન જેવો ઓન કરે કે તરત જ તે મેસેજ જોવા મળે કે તમારા ખાતાની અંદર ૩૦,૦૦૦ રૂપિયા આવ્યા છે તમે નીચેની માહિતી મોકલો અને તમે માહિતી જેવી મોકલો કે તરત જ તમારા બેંકના ખાતામાંથી પૈસા ઉપડી જાય, બેલેન્સ ઝીરો થઈ જાય આવું થાય ત્યારે તમારા શહેરમાં સાયબર ક્રાઈમ વિભાગનો તરત જ સંપર્ક કરો તો તમારા પૈસા પાછા આવવાની શક્યતા વધી જાય છે. આજે જાગૃત રહેવાની જરૂર છે.

**ઓછામાં ઓછી મહેનતે ઘરે બેઠા લાખોની કમાણીની લાલચથી અનેક માનવીઓના બેન્ક ખાતા સફાચટ થયા છે. ઇન્ફર્મેશન ટેકનોલોજીના જબરજસ્ત વિકાસ પછી માનવીનું જીવન એકદમ સરળ બની ગયું છે. નાણાકીય વ્યવહારો ઝડપી બન્યા છે સાથોસાથ નાણાકીય વ્યવહારોમાં જોખમ પણ અનેક ગણા વધી ગયા છે. સાયબર ફ્રોડ અને સાયબર ક્રાઇમ આના ઉદાહરણો છે આમાંથી કેમ બચવું તે વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા છે.**

## શબ્દ સંજોગ-૨૧૩૬



**આડી ચાવી :**
(૧) કમનસીબ (૩)
(૩) તાવ (૨)
(૫) અતિ....તે પાપનું મૂળ (૨)
(૬) .....હોય તો માળવે જવાય (૨)
(૭) જહાજ ભાંગવાનો ઉદ્યોગ આ સ્થળે (૩)
(૮) સુસંગત, અનુરૂપ (૩)
(૯) માપ વિનાનું (૩)
(૧૨) પૂછપરછ (૪)
(૧૩) લોકોમાં પ્રચલીત એવું ગીત (૪)
(૧૫) લીન, મગ્ન (૨)
(૧૭) રાહ, ડગર (૨)
(૧૯) પાણી, જળ (૨)
(૨૦) જમીન, ધરતી (૨)
(૨૧) સરખામણીમાં, તુલનામાં (૨)
(૨૨) ....ગૂંથણ (૩)
(૨૪) એક ચોઘડિયું (૨)
(૨૬) નડતર, પીડા (૩)
(૨૭) ડોસી (૩)

**ઉભી ચાવી :**
(૧) વ્યર્થ, નકામું (૩)
(૨) સોળે સાન ને વીસે.... (૨)
(૩) પ્રકશમાન, ઝળહળતું (૩)
(૪) નાડી, શિરા (૨)
(૫) નદી આપણી...... કહેવાય છે (૪)
(૭) અસંખ્ય (૪)
(૯) તંગી, તાણ (૩)
(૧૦) પછાડવું તે (૪)
(૧૧) હોકારો, બૂમ (૨)
(૧૨) પૂરેપૂરુ, સંપૂર્ણ (૨)
(૧૩) લોખંડ (૨)
(૧૪) એક શિકારી પક્ષી (૨)
(૧૬) વાળ્યો ને....! (૪)
(૧૭) પવન, હવા (૩)
(૧૮) ગાદી, તકીયાની ખોલ (૩)
(૧૯) ગગન, આકાશ (૨)
(૨૩) લાગ, મોકો (૨)
(૨૫) માના પેટમાં રહેલુ જીવનું રૂપ (૨)

## શબ્દ સંજોગ-૨૧૩૫ જવાબ

**આડી ચાવી:** (૧) નિયમન (૪) સહિયારું (૬) સદા (૭) સિતાર (૯) પાયરી (૧૦) વાવડ (૧૩) તખતો (૧૫) હમાલ (૧૬) છળ (૧૭) મુખડું (૧૮) અમ (૧૯) સન્મુખ (૨૦) નાભિ (૨૧) જપ્ત (૨૨) મ્લાન (૨૪) ડગર (૨૬) મનમેળ (૨૭) મસ.
**ઉભી ચાવી:** (૧) નિસર્ગ (૨) યદા (૩) નસિયત (૪) સર (૫) યાદવ (૮) તારીખ (૧૧) ડમડમ (૧૨) ક્ષમા (૧૪) તોછડું (૧૫) હલ્લો (૧૭) મુખમ્લાન (૧૮) અભિગમ (૧૯) સપ્ત (૨૦) નાડ (૨૧) જળ (૨૩) નમે (૨૫) રસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૩૦ | ૧૬૧૦ |
| ઘઉં લોકવન | ૫૦૯ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૧૩ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૮૭૮ | ૧૦૩૬ |
| જુવાર લાલ | ૧૦૧૦ | ૧૧૫૦ |
| બાજરી | ૩૦૦ | ૪૩૫ |
| મકાઇ | ૩૭૧ | ૩૭૧ |
| તુવેર | ૯૮૦ | ૧૬૨૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૧૩૧ |
| ચણા સફેદ | ૧૦૭૫ | ૧૯૪૦ |
| અડદ | ૧૦૦૫ | ૧૫૨૦ |
| મગ | ૧૦૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૧૦ | ૧૧૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૧૫૦ |
| મઠ | ૯૫૦ | ૧૯૮૧ |
| વટાણા | ૪૦૦ | ૧૩૮૦ |
| કળથી | ૪૦૫ | ૪૦૫ |
| રાજમા | ૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| મગફળી જીણી | ૧૨૨૦ | ૧૪૪૧ |
| તલી | ૧૬૪૪ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૨૪૧ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૨૮ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૬૩૨ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૮૦૫ |
| લસણ | ૧૦૩૦ | ૧૬૮૦ |
| ધાણા | ૧૧૧૦ | ૧૮૯૧ |
| મરચા સુકા | ૨૫૦૦ | ૫૪૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૯૮૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૫૦૦ |
| રાય | ૧૦૮૫ | ૧૬૯૨ |
| મેથી | ૭૦૦ | ૧૨૮૮ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૬૪૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૨૬૬ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૪૬ | ૫૧૯ |
| પપૈયા | ૯૦ | ૧૫૦ |
| બટેટા | ૧૦૨ | ૨૦૭ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| ટમેટા | ૫૧૧ | ૭૦૮ |
| સુરણ | ૬૨૬ | ૮૧૪ |
| કોથમરી | ૧૬૪ | ૨૧૧ |
| મુળા | ૩૧૭ | ૫૧૨ |
| રીંગણા | ૨૨૩ | ૫૩૬ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૬૧ | ૧૨૩ |
| ફ્લાવર | ૨૫૭ | ૪૯૨ |
| ભીંડો | ૮૨૭ | ૧૧૮૮ |
| ગુવાર | ૧૦૮૬ | ૧૬૯૩ |
| ચોળાસીંગ | ૭૦૭ | ૧૧૮૦ |
| વાલોળ | ૩૫૮ | ૬૧૧ |
| ટીંડોરા | ૫૩૯ | ૧૦૮૧ |
| દુધી | ૨૪૨ | ૩૯૬ |
| કારેલા | ૫૦૭ | ૭૨૩ |
| સરગવો | ૧૦૨૮ | ૧૪૩૧ |
| તુરીયા | ૧૦૦૨ | ૧૩૮૯ |
| પરવર | ૧૪૧૭ | ૧૭૯૦ |
| કાકડી | ૩૧૨ | ૭૨૪ |
| ગાજર | ૨૧૧ | ૩૦૮ |
| વટાણા | ૩૪૮ | ૫૨૨ |
| તુવેરસીંગ | ૪૦૭ | ૬૧૧ |
| ગલકા | ૬૧૨ | ૮૨૩ |
| બીટ | ૧૨૩ | ૨૧૪ |
| મેથી | ૧૧૪ | ૧૬૭ |
| વાલ | ૪૩૭ | ૫૧૬ |
| ડુંગળી લીલી | ૨૦૯ | ૩૧૨ |
| આદુ | ૧૦૫૨ | ૧૨૨૩ |
| ચણા લીલા | ૧૩૯ | ૩૨૧ |
| મરચા લીલા | ૪૧૩ | ૬૨૪ |
| હળદર લીલી | ૫૨૭ | ૭૫૪ |
| લસણ લીલું | ૭૩૯ | ૧૧૦૬ |
| મકાઇ લીલી | ૨૫૧ | ૪૦૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૦ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૫૭૧ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૬૮૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૫૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૫૮૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૬૨૧ |
| રાયડો | ૮૭૬ | ૧૦૬૧ |
| મેથી | ૯૮૧ | ૧૧૧૧ |
| કાંગ | ૪૦૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૪૪૬ |
| નવું જીરૂ | ૨૦૫૧ | ૪૫૬૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૩૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૫૯૬ |
| ડુંગળી સફેદ | ૧૭૬ | ૩૩૬ |
| બાજરો | ૩૦૧ | ૩૮૧ |

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૧૦૫૧ |
| મકાઇ | ૩૬૧ | ૩૯૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૪૬ |
| વાલ | ૭૭૬ | ૧૧૪૧ |
| સોયાબીન | ૮૫૧ | ૧૦૧૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૨૩૧ |
| વટાણા | ૨૭૬ | ૧૦૦૧ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૪૦૫ |
| શીંગ ગીરનાર | ૧૦૦૦ | ૧૪૧૦ |
| શિંગ મોટી | ૯૮૦ | ૧૪૨૦ |
| શિંગદાણા | ૧૦૮૦ | ૧૫૭૫ |
| શિંગફાડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૦૮૦ | ૨૨૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૭૦ |
| તલ કાશમીરી | ૨૧૭૫ | ૨૧૭૫ |
| જુવાર | ૬૫૦ | ૧૩૦૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૫ |
| મકાઈ | ૩૬૦ | ૪૦૦ |
| મગ | ૧૬૧૫ | ૧૬૧૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૩૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૯૬૫ | ૧૦૮૦ |
| છોલે ચણા | ૧૭૭૫ | ૧૭૭૫ |
| તુવેર | ૭૩૦ | ૧૫૧૦ |
| કપાસ | ૧૦૮૦ | ૧૬૫૦ |
| એરંડા | ૧૦૦૫ | ૧૨૬૫ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૪૨૫ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૪૫ |
| અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૨૦ |
| મરચા લાંબા | ૫૯૦ | ૫૦૦૦ |
| કાંગ | ૫૫૦ | ૫૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૫૩૦ | ૬૩૦ |
| ટમેટાં | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૬૫૦ | ૭૫૦ |
| ગાજર | ૧૨૦ | ૪૧૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૮૦૦ | ૯૫૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૨૦ |

| | | |
|---|---|---|
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૭૫૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૨૨૦ | ૩૦૦ |
| વટાણા | ૫૦૦ | ૫૮૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૩૦ |
| તુરીયા | ૯૫૦ | ૧૧૦૦ |
| આમળા | ૫૫૦ | ૭૦૦ |
| વાલ | ૪૩૦ | ૫૨૦ |
| ભીંડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| હળદર લીલી | ૪૫૦ | ૬૩૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૬૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૧૫૦ | ૨૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૮૩૦ | ૯૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૩૦ |
| તુવેર | ૪૦૦ | ૫૩૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| મરચાં લાલ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૩૬૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૩૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૩૦ |
| લીબુ | ૨૫૦ | ૩૦૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૮૦૦ | --- |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૫૩૯ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૩ |
| બાજરો | ૩૫૦ | ૭૭૨ |
| જુવાર | ૫૯૧ | --- |
| ચણા | ૮૦૦ | ૯૬૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૬૦ |
| એરંડી | ૧૨૨૨ | --- |
| ધાણા | ૮૫૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૯૯ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૦૪૬ | ૧૫૦૫ |
| મગફળી | ૧૦૩૫ | ૧૨૭૭ |
| ઘઉં | ૪૨૫ | ૫૩૭ |

| | | |
|---|---|---|
| ચણા | ૮૫૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૩૬૦ | ૧૪૮૦ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૦૦૦ |
| તલ | ૧૮૧૦ | ૧૮૧૦ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૮૮૫ | ૮૮૫ |
| સોયાબીન | ૭૭૦ | ૯૮૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૩૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉ ટુકડા | ૪૬૦ | ૫૨૫ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૯ |
| ધાણા | ૧૧૨૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૬૯૦ | ૧૦૦૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૨૦ |
| શીંગ દાણા | ૧૩૬૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૨૫૦૦ |
| જુવર | ૪૦૦ | ૮૮૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| રાય | ૧૬૦૫ | ૧૬૦૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૨૯૯ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| બાજરો | ૩૬૧ | ૪૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૬ |
| જુવાર | ૩૦૦ | ૧૧૩૧ |
| મગ | ૮૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૦૦૧ | ૧૧૦૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૮૪ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૮૧ |
| રાય | ૧૭૦૦ | ૧૭૪૨ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૫૫ |
| કપાસ મીડીયમ | ૧૩૪૦ | ૧૪૪૦ |
| મગફળી જી ૨૦ | ૧૧૫૨ | ૧૩૭૮ |
| ચણા | ૯૪૫ | ૧૦૪૫ |
| જીરૂ | ૩૦૧૦ | ૪૪૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૦ |

| | | |
|---|---|---|
| તુવેર | ૯૧૦ | ૧૩૯૦ |
| સોયાબીન | ૭૮૧ | ૯૨૯ |
| તલ સફેદ | ૧૬૩૫ | ૧૮૯૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૭૦ | ૧૫૩૩ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૩૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૭૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૪૧ |
| શીંગ ફાડા | ૧૧૦૧ | ૧૫૦૧ |
| મેથી | ૫૦૧ | ૮૫૬ |
| ધાણા | ૧૧૦૧ | ૧૯૫૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૨૬૧ | ૧૩૭૩ |
| શીંગ ૩૯ | ૧૧૭૬ | ૧૩૨૮ |
| શીંગ ગીરનાર | ૧૩૨૧ | ૧૪૨૫ |
| શીંગ જી-૨૦ | ૧૨૭૦ | ૧૪૨૧ |
| જુવાર | ૨૫૦ | ૬૫૦ |
| બાજરી | ૩૭૧ | ૫૭૨ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૯૨ |
| અડદ | ૧૧૪૮ | ૧૩૩૧ |
| મગ | ૪૦૧ | ૩૧૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૫૩ |
| ચણા | ૯૯૩ | ૯૩૩ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૨૧ |
| તલ કાળા | ૩૩૫૪ | ૩૩૫૪ |
| તુવેર | ૧૩૭૦ | ૧૫૬૦ |
| ધાણા | ૯૯૦ | ૯૯૦ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૮૧ |
| કપાસ શંકર | ૧૧૩૫ | ૧૫૭૨ |
| નાળીયેર | ૫૩૧ | ૨૫૭૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૧૫ | ૧૪૩૪ |
| મગફળી ૩૨ નં. | ૧૧૮૦ | ૧૩૮૦ |
| બાજરો હાઈબ્રીડ | ૪૦૦ | ૬૧૭ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૭ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૪૫ |
| જુવાર | ૭૫૦ | ૧૦૫૪ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૨ |
| સફેદ ચણા | ૧૩૫૦ | ૧૬૪૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૫૨૮૫ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૨૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખોડલધામ સંગઠનના અધ્યક્ષ તરીકે અનાર પટેલની વરણી: કાગવડ અને હરિદ્વારમાં ભવ્ય અતિથિ ભવન બનશે

કાગવડ, તા.૨૧

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા તારીખ ૨૧ જાન્યુઆરીને બુધવારના રોજ ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ૯ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે ખોડલધામ મંદિર ખાતે 'ખોડલધામ સંગઠન કન્વીનર મીટ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેન નરેશભાઈ પટેલે મહત્વની જાહેરાત કરતા ખોડલધામ સંગઠનના અધ્યક્ષ તરીકે અનાર પટેલની વરણી કરી હતી. નરેશભાઈ પટેલે જાહેરાત કરી હતી કે, શ્રદ્ધાળુઓની સુવિધા માટે હવે ખોડલધામ મંદિર-કાગવડ ખાતે સોમનાથ જેવું અતિથિ ભવન બનાવવામાં આવશે. આ ઉપરાંત હરિદ્વારમાં પણ અતિથિ ભવનનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો છે.



આ મીટમાં ગુજરાતભરના ઝોન અધ્યક્ષ, જિલ્લા, તાલુકા, શહેર અને વોર્ડના કન્વીનર તથા સહ કન્વીનરોને સન્માનિત કરી આગામી બે વર્ષ માટે નિમણૂક પત્ર અને ઓળખપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અમદાવાદ ઝોનના નવા અધ્યક્ષ તરીકે પરસોત્તમભાઈ ગેવરીયા, કનુભાઈ કોઠીયા અને વિઠ્ઠલભાઈ સાવલિયાના નામ જાહેર કરાયા હતા. નવનિયુક્ત અધ્યક્ષ અનારબેન પટેલે જણાવ્યું હતું કે, "નરેશભાઈએ જે વિશ્વાસ મૂક્યો છે તેને હું ડગવા નહીં દઉં."

# ધોરાજીના નેશનલ હાઈવે પર સર્વિસ રોડના કામમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ : હાથ અડાડતા જ ડામર ઉખડ્યો

ધોરાજી, તા.૨૧

ધોરાજીથી પોરબંદર નેશનલ હાઈવે પર આવેલ ધોરાજીના ભૂખી ચોકડી નજીક સર્વિસ રોડ પર નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ ડામર કામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે. અહીં 'લોટ પાણીને લાકડા' જેવું ગુણવત્તા વગરનું કામ થયું હોવાનું સામે આવ્યું છે.


તસવીર : નયન કુહાડીયા

આ બાબતે ધોરાજી આમ આદમી પાર્ટીના પ્રભારી અને એડવોકેટ અરવિંદભાઈ કાપડિયા તથા સલીમભાઈ મોગલ સહિતના હોદ્દેદારોએ સર્વિસ રોડની રૂબરૂ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેઓએ તાજેતરમાં બનેલો ડામર રોડ હાથ વડે ઉખેડીને નબળી કામગીરીને જાહેરમાં ઉજાગર કરી હતી. અરવિંદભાઈ કાપડિયાએ જણાવ્યું હતું કે, સર્વિસ રોડ પર ડામરની કામગીરી અત્યંત નબળી છે. બે-ચાર દિવસ પહેલા થયેલ કામગીરી બાદ હાથ વડે ડામર ઉખડી જાય છે, જે સ્પષ્ટ ભ્રષ્ટાચાર સૂચવે છે. જ્યારે સલીમભાઈ મુગલે જણાવ્યું હતું કે, માત્ર એક ઈંચ જેટલી જાડાઈનો ડામર પાથરવામાં આવ્યો છે.

# જંત્રાખડી ગામે ખારાની ખોડિયાર માતાજીના મંદિરે ધાર્મિક કાર્યક્રમ યોજાશે

કોડીનાર તા.૨૧

કોડીનાર તાલુકાના જંત્રાખડી ગામે આવેલ સુપ્રસિદ્ધ 'ખારાંની ખોડિયાર' માતાજીના મંદિરે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ આગામી તા. ૨૬/૦૧/૨૦૨૬, સોમવારના રોજ ખોડિયાર જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવને લઈને ભક્તજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેમાં વહેલી સવારે ૫:૩૦ કલાકે માતાજીનો શાસ્ત્રોક્ત વિધિથી અભિષેક પૂજન કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૨:૦૦ કલાકે ભવ્ય મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવ્યું છે. ખોડિયાર મંદિરના મહંત વીરગીરીજી મહારાજ તથા મંદિરના ભક્ત મંડળ દ્વારા આ તકે સર્વે ધર્મપ્રેમી જનતાને દર્શન તેમજ પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ દ્વારા આયોજીત**

# વિશાલ રાદડિયાની 'પાથ બ્રેકર' અને 'યુથ આયકન' તરીકે પસંદગી

અમરેલી,તા.૨૧

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ દ્વારા આયોજીત 'વિકસીત ભારત યંગ લીડર્સ ડાયલોગ-૨૦૨૬'માં વિશાલ રાદડિયાની 'પાથ બ્રેકર' અને 'યુથ આયકન' તરીકે પસંદગી કરવામાં આવી છે. દિલ્હીના ભારત મંડપમ ખાતે ૯ થી



૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં દેશભરના ૫૦ લાખ યુવાનોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી કડક સ્પર્ધા બાદ માત્ર ૩૦૦૦ પ્રતિભાશાળી યુવાનોની પસંદગી થઈ હતી. રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે આયોજિત આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાને યુવાનોને 'વિકસીત ભારત@૨૦૪૭'ના લક્ષ્યને સિદ્ધ કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ઉનાના તડ ગામ પાસે ટ્રક-બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

**ભીગરણના યુવાનનું મોત થતા પરિવારમાં શોક**



ઉના,તા.૨૧

ઉના તાલુકાના તડ ગામ પાસે ગત રાત્રિએ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં ભીંગરણ ગામના ૨૨ વર્ષીય યુવાન જગદીશભાઈ પાંચાભાઈ મકવાણાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. મળતી વિગતો અનુસાર, જગદીશભાઈ પોતાની બાઈક (GJ ૩૨ R ૭૪૬૯) પર પિતરાઈ ભાઈને તેડવા કેસરિયા ગામ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન તડ ગામની માધ્યમિક શાળા પાસે આગળ જઈ રહેલા ટ્રક (GJ ૧૬ AU ૬૬૦૩) ની પાછળ તેમની બાઈક ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાઓને કારણે બાઈક ચાલક યુવાનનું હોસ્પિટલ પહોંચતા પૂર્વે જ મોત થયું હતું. અકસ્માતની ઘટના બાદ ટ્રક ચાલક વાહન છોડી ફરાર થઈ ગયો હતો. નવાબંદર પોલીસે ગુનો નોંધી, એફ.એસ.એલ.ની મદદથી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડને અમરેલી જિલ્લા ખોડલધામ ઝોન અધ્યક્ષ બનાવાયા

અમરેલી, તા.૨૧

ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ખાતે તા.૨૧/૦૧ના રોજ કન્વીનર મીટનું આયોજન કરવામાં આવ્યું



હતું. જેમાં ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડને અમરેલી જિલ્લાના ઝોન અધ્યક્ષ તરીકે નિમણૂક આપવામાં આવી હતી. તેમની નિમણૂકથી અમરેલી જિલ્લાના સંગઠનને નવું બળ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ ઉંધાડ પરિવાર દ્વારા ખોડલધામ ટ્રસ્ટ કાગવડને ૬૧ વીઘા જમીનનું દાન પણ અર્પણ કરવામાં આવ્યું હતું.


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૩/૨૬ તા.૦૯/૦૧/૨૦૨૬

**વિવાદી :-** શ્રી કમલેશકુમાર પ્રવિણચંદ્ર શેઠ રહે. ૭, સરસ્વતી ભવન, અમરાઈવાડી ગામ, અમદાવાદ-૩૮૦૦૨૬ મો.૯૪૨૭૯૦૫૪૬૮
અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદિશ જી. આસોદરીયા એડવોકેટ
તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી તા.લાઠી, જી.અમરેલી, મો.૯૩૧૬૦૬૮૪૫૬

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચીફ ઓફીસર નગરપાલીકા મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના દાદા તથા દાદીનો ફુલચંદભાઈ દીયાળભાઈ સેઠ તથા રળીયાતબેન ફુલચંદભાઈ સેઠનો મરણ તા.૦૪/૦૫/૧૯૬૫ તથા ૧૪/૦૮/૧૯૬૪ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## CHANGE OF NAME

I Undersing I THUMMAR MAHESHBHAI SAVJIBHAI have changed my name from THUMMAR MAHESHKUMAR SAVJIBHAI To THUMMAR MAHESHBHAI SAVJIBHAI (New) Now i will be known as THUMMAR MAHESHBHAI SAVJIBHAI (new)
Sing : THUMMAR MAHESHBHAI SAVJIBHAI
Address: PLOT-43,KHODAL KRUPA,VRUNDAVAN PARK-4,LATHI ROAD,AT- AMRELI-365601

## CHANGE OF NAME

I Undersing I THUMMAR JALPABEN MAHESHBHAI have changed my name from THUMMAR JALPA MAHESHKUMAR To THUMMAR JALPABEN MAHESHBHAI (New) Now i will be known as THUMMAR JALPABEN MAHESHBHAI (new)
Sing : THUMMAR JALPABEN MAHESHBHAI
Address: PLOT-43,KHODAL KRUPA,VRUNDAVAN PARK-4,LATHI ROAD,AT-AMRELI-365601

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.17/2026

**પ્રતિ,**
શ્રી લાખીબેન ઘાનાભાઈ ગાધે,
રહે.રીંગણીવાડી, વડનગર, ગામ-વડનગર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વડનગર, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના વડનગર ગામના રહીશ ઘાનાભાઈ ગાધે તથા લાખીબેન ઘાનાભાઈ ગાધેના પુત્ર કમલેશ ઘાનાભાઈ ગાધેનો જન્મ તારીખ 01/06/1986 ના રોજ કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામપંચાયત વડનગર, તાલુકો-કોડીનાર સને.1986 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-:: જાહેર નોટીસ ::-**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.20/2026
જન્મ તારીખ : 20/09/2020

શ્રી ચાવડા વિપુલભાઈ જેસિંગભાઈ,
રહે.ચાવડા શેરી, જમસિવાડા, ગામ-જમસવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, કડોદરા, તાલુકા-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ચાવડા વિપુલભાઈ જેસિંગભાઈ, રહે.ચાવડા શેરી, જમનવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વિપુલભાઈ જેસિંગભાઈ ચાવડા તથા ભુમિકાબેન વિપુલભાઈ ચાવડા ના પુત્રી રાજવીબા વિપુલભાઈ ચાવડાનો જન્મ તારીખ.20/09/2020ના રોજ કોડીનાર તાલુકાના કડોદરા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.
આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.
આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૧/૨૦૨૬

અરજદાર :- હલુબેન રહીમભાઈ મુલતાની
રહે.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદારશ્રી હલુબેન રહીમભાઈ મુલતાની તેઓના પુત્રી અફસાનાબેન રહીમભાઈ મુલતાનીની જન્મ (તા.૦૪/૦૩/૧૯૮૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૩/૨૦૨૬

અરજદાર :- જીનતબેન ગફારભાઈ મુલતાની
રહે.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદાર શ્રી જીનતબેન ગફારભાઈ મુલતાની તેઓના પુત્રી મુમતાજબેન ગફારભાઈ મુલતાનીની જન્મ (તા.૦૩/૦૬/૧૯૭૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૫/૨૦૨૬

અરજદાર :- જીનતબેન ગફારભાઈ મુલતાની
રહે.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદાર શ્રી જીનતબેન ગફારભાઈ મુલતાની તેઓના પુત્ર રજાકભાઈ ગફારભાઈ મુલતાનીની જન્મ (તા.૦૫/૦૨/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૪/૨૦૨૬

અરજદાર :- જીનતબેન ગફારભાઈ મુલતાની
રહે.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદાર શ્રી જીનતબેન ગફારભાઈ મુલતાની તેઓના પુત્ર ઈન્દ્રીશભાઈ ગફારભાઈ મુલતાનીની જન્મ (તા.૧૫/૦૮/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૭/૨૦૨૬

અરજદાર :- શ્રી બાબુભાઈ લખમણભાઈ દુધાત
રહે.તરકતળાવ, તા. જી. અમરેલી
મો. ૮૩૨૦૭૪૪૯૧૧

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.તરકતળાવ, તા. જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના તરકતળાવ ગામમાં બાબુભાઈ લખમણભાઈ દુધાત તેઓના માતા પાતળીબેન લખમણભાઈ દુધાતની મરણ (તા.૦૧/૦૭/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૨/૨૦૨૬

અરજદાર :- જીનતબેન ગફારભાઈ મુલતાની
રહે.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખીજડીયા રાદડીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદારશ્રી જીનતબેન ગફારભાઈ મુલતાની તેઓના પુત્રી ફરીદાબેન ગફારભાઈ મુલતાનીની જન્મ (તા.૦૨/૦૩/૧૯૮૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા ટીટીવી દિનાકરણની NDAમાં ઘરવાપસી, DMK માટે ખતરાની ઘંટડી

(એચ.એસ.એલ),ચેન્નાઈ,તા.૨૧

અમ્મા મક્કલ મુનેત્ર કઝગમ (એએમએમકે)ના મહાસચિવ ટીટીવી દિનાકરણ ફરીથી એનડીએમાં જોડાયા. ચૂંટણી પહેલા એનડીએને મજબૂત બનાવવા માટે આ નિર્ણાયક પગલું છે, જેમાં પહેલાથી જ ભાજપ અને એઆઈએડીએમકે જેવા પક્ષો સામેલ છે. દિનાકરણે ચેન્નાઈમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના તમિલનાડુ ચૂંટણી પ્રભારી પીયૂષ ગોયલ સાથેની મુલાકાત દરમિયાન એનડીએમાં તેમના પક્ષના ફરીથી સમાવેશની જાહેરાત કરી હતી.

એએમએમકેની સ્થાપના ૨૦૧૮ માં ટીટીવી ધીનાકરણ દ્વારા કરવામાં આવી હતી. આ પાર્ટી એઆઈએડીએમકેથી અલગ થયા પછી બનાવવામાં આવી હતી. ધીનાકરણ ભૂતપૂર્વ



મુખ્યમંત્રી જયલલિતાના ભત્રીજા છે અને દક્ષિણ તમિલનાડુમાં મુક્કુલાથોર (થેવર) સમુદાયમાં તેમનો નોંધપાત્ર પ્રભાવ છે. એએમએમકેએ ૨૦૨૧ ની વિધાનસભા ચૂંટણીમાં એઆઈએડીએમકેને નુકસાન પહોંચાડ્યું હતું, ઘણી બેઠકો પર પાર્ટીના મતોમાં ઘટાડો કર્યો હતો. એએમએમકે સપ્ટેમ્બર ૨૦૨૫ માં એનડીએથી અલગ થઈ ગયું હતું, પરંતુ ૨૦૨૬ ની ચૂંટણી પહેલા એનડીએમાં તેની વાપસી શાસક ડીએમકે માટે ખરાબ સમાચાર છે.

# અટલ પેન્શન યોજના ૨૦૩૧ સુધી લંબાવાઈ કરોડો કામદારોને મળશે પેન્શનની ગેરંટી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૧

મોદી સરકારે અટલ પેન્શન યોજના (એપીવાય) અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે લાખો અસંગઠિત અને ઓછી આવક ધરાવતા કામદારોને નોંધપાત્ર રાહત આપે છે. બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૨૦૩૦-૩૧ સુધી આ યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. આ નિર્ણયનો સીધો લાભ એવા કામદારોને થશે જેમની પાસે નિવૃત્તિ પછી નિયમિત આવકનો સ્ત્રોત નથી. સરકારના આ પગલાને વૃદ્ધાવસ્થામાં નાણાકીય સુરક્ષાને મજબૂત બનાવવાની દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

મંત્રીમંડળના નિર્ણય હેઠળ, અટલ પેન્શન યોજના માટે સરકારી સહાય ચાલુ રહેશે.




આમાં પ્રમોશનલ, ક્ષમતા નિર્માણ અને વિકાસ પ્રવૃત્તિઓ માટે ભંડોળનો સમાવેશ થાય છે. યોજનાનું નાણાકીય ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે ગેપ ફંડિંગને પણ મંજૂરી આપવામાં આવી છે, જેથી ભવિષ્યમાં પેન્શન ચૂકવણીમાં કોઈ વિક્ષેપ ન આવે.

અટલ પેન્શન યોજના હેઠળ, પાત્ર લાભાર્થીઓને ૬૦ વર્ષની ઉંમર પછી ૧,૦૦૦ થી ૫,૦૦૦ સુધીનું ગેરંટીકૃત માસિક પેન્શન મળે છે. પેન્શનની રકમ લાભાર્થીના યોગદાન પર આધારિત છે.

# મદ્રાસ હાઈકોર્ટનો આકરો પ્રહાર : ઉદયનિધિ સ્ટાલિનનું નિવેદન 'હેટ સ્પીચ', ૮૦% હિન્દુઓ વિરૂધ્ધ

ચેન્નાઈ,તા.૨૧

ચૂંટણીના વર્ષમાં, મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુના નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિન અને શાસક **DMK** પાર્ટીને મોટો ફટકો આપ્યો છે. કોર્ટે સ્ટાલિનના સનાતન ધર્મ અંગેના નિવેદનને દ્વેષપૂર્ણ ભાષણ ગણાવ્યું અને કહ્યું કે આવા ભડકાઉ નિવેદનો સનાતન ધર્મના અનુયાયીઓ માટે ખતરો ઉભો કરી શકે છે. ભાજપના નેતા અમિત માલવિયાએ આ વિવાદાસ્પદ નિવેદનનો વિરોધ કર્યો હતો, જેના પગલે માલવિયા સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે પોતાના ચુકાદામાં, કોર્ટે માલવિયા સામે નોંધાયેલી **FIR** રદ કરી દીધી છે.

કોર્ટે તારણ કાઢ્યું કે મંત્રીનું ભાષણ ૮૦% હિન્દુઓ વિરુદ્ધ હતું અને તે દ્વેષપૂર્ણ ભાષણના દાયરામાં આવે છે. કોર્ટે કહ્યું કે માલવિયા, સનાતન ધર્મ અંગેના આવા દ્વેષપૂર્ણ ભાષણનો ભોગ બન્યા હતા, તેમણે ફક્ત સનાતન ધર્મનો બચાવ કર્યો હતો, અને આ ભારતીય દંડ સંહિતાની કોઈપણ જોગવાઈઓને આકર્ષિત કરશે નહીં.

# ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા સાથે કરી શુભેચ્છા મુલાકાત

અમરેલી, તા.૨૧

ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય, પરિવાર કલ્યાણ અને ખાતર મંત્રી જે.પી. નડ્ડાજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ બેઠકમાં ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર કે.જે. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન દેશભરના ખેડૂતોને સ્પર્શતા વિવિધ પાયાના મુદ્દાઓ પર વિગતવાર



ચર્ચા કરવામાં આવી હતી. સંઘાણીએ ખાતરોની ઉપલબ્ધતા, વિતરણ વ્યવસ્થા, ખેતીના ખર્ચ અને ખેડૂતોને પડતી વ્યવહારુ સમસ્યાઓ મંત્રીના ધ્યાન પર લાવી હતી. ખેડૂત હિતને સર્વોપરી ગણીને જે.પી. નડ્ડાજીએ તાત્કાલિક નિર્ણય લઈ સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી અને તમામ પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે ખાતરી આપી હતી. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ''કેન્દ્ર સરકારની 'ખેડૂત પ્રથમ'ની નીતિ આ મુલાકાતમાં સ્પષ્ટ દેખાઈ છે.'' તેમણે મંત્રીના ઉકેલલક્ષી અભિગમ અને સંવેદનશીલતા બદલ સમગ્ર ભારતીય સહકારિતા ક્ષેત્ર વતી હાર્દિક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# સુરક્ષા કારણોસર ભારતે બાંગ્લાદેશમાંથી રાજદ્વારીઓના પરિવારજનોને પરત બોલાવ્યા

નવીદિલ્હી, તા.૨૧

બાંગ્લાદેશમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતે મંગળવારે ત્યાં તૈનાત ભારતીય અધિકારીઓના પરિવારોને પાછા ખેંચવાનો નિર્ણય લીધો. આ પગલું બાંગ્લાદેશની સંસદીય ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા લેવામાં આવ્યું છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ''સાવચેતીના પગલા તરીકે, સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે ઉચ્ચ કમિશન અને અન્ય પોસ્ટ્સ પર તૈનાત અમારા અધિકારીઓના આશ્રિતોને ભારત પાછા ફરવાની સલાહ આપી છે.''

સૂત્રોએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં મિશન (ઉચ્ચ કમિશન) ખુલ્લા છે અને સ્ટાફ તમામ પોસ્ટ્સ પર કામ કરી રહ્યો છે. ઢાકામાં ઉચ્ચ કમિશન ઉપરાંત, ભારતીય રાજદ્વારીઓ ચિત્તાગોંગ, ખુલના, રાજશાહી અને સિલહટમાં પણ તૈનાત છે. રાજદ્વારીઓ અને અન્ય અધિકારીઓના પરિવારો ક્યારે ભારત પાછા ફરશે તે હજુ સુધી જાણી શકાયું નથી.

# SIR પ્રક્રિયા પર સુપ્રીમ કોર્ટના નિર્દેશનું કડક પાલન કરવા કલેક્ટરોને મમતાનો આદેશ

(એચ.એસ.એલ),કોલકતા,તા.૨૧

મતદાર યાદીઓ માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા અંગે પશ્ચિમ બંગાળમાં રાજકારણ ચાલુ છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ, એસઆઈઆર પ્રક્રિયા તેજ થઈ ગઈ છે. હવે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જિલ્લા મેજિસ્ટ્રેટ્સને એસઆઈઆર પર સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું કડક પાલન કરવા કહ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો કે ''તાર્કિક વિસંગતતાઓ'' ના નામે લોકોને હેરાન ન કરવા જોઈએ.

અધિકારીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી મમતા બેનર્જી રાજ્ય સચિવાલય, નબન્ના ખાતે મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીના નેતૃત્વમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સાથેની બેઠકમાં અચાનક જોડાયા



હતા. તેમણે કહ્યું, ''મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે એસઆઈઆર સંબંધિત તમામ સુનાવણી સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર થવી જોઈએ. મુખ્યમંત્રીએ અધિકારીઓને ખાસ સૂચના પણ આપી હતી કે તાર્કિક વિસંગતતાને કારણે લોકોને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે.''

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે એસઆઈઆર કેસની સુનાવણી દરમિયાન ''તાર્કિક વિસંગતતાઓ'' ના કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# ભારત ૭૦થી વધુ દેશોને ત્રણ દિવસ સુધી ચૂંટણી વ્યવસ્થાપનના પાઠ ભણાવશે

નવીદિલ્હી,તા.૨૧

ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજિત ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરિષદ આજથી શરૂ થાય છે. આ ત્રણ દિવસીય પરિષદ ૨૧ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થઈ છે. જેમાં ૭૦ થી વધુ દેશોના આશરે ૧૦૦ વિદેશી પ્રતિનિધિઓ હાજરી આપશે.

આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓ, ભારતમાં વિદેશી દૂતાવાસોના પ્રતિનિધિઓ અને ચૂંટણી નિષ્ણાતો પણ ભાગ લેશે. ત્રણ દિવસમાં અનેક સત્રો યોજાશે, જેમાં ઉદ્ઘાટન સત્ર, ચૂંટણી વ્યવસ્થાપન સાથે સંકળાયેલા નેતાઓની બેઠકો, કાર્યકારી જૂથની બેઠકો અને વિવિધ વિષયો પર ચર્ચાનો સમાવેશ થાય છે. આ બેઠકોમાં વૈશ્વિક ચૂંટણી મુદ્દાઓ, સારા ચૂંટણી નિયમો અને નવી ટેકનોલોજી અને પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવશે.

આ કાર્યક્રમ માટે ૩૬ અલગ અલગ જૂથો બનાવવામાં આવ્યા છે. આનું નેતૃત્વ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ કરશે. તેમની સાથે ભારત અને વિદેશના નિષ્ણાતો પણ રહેશે. આ ચર્ચાઓમાં અગ્રણી સંસ્થાઓ પણ ભાગ લેશે, જેના માટે ૪ આઈઆઈટી, ૬ આઈઆઈએમ, ૧૨ રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટીઓ અને આઈઆઈએમસીના પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ઉદયપુરમાં મુસાફરોથી ખીચોખીચ ભરેલી જીપ ખાઈમાં ખાબકતા ત્રણના કરૂણ મોત

ઉદયપુર,તા.૨૧

રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં, ૨૭ મુસાફરોને લઈ જતી જીપ કાબુ ગુમાવી અને ખાઈમાં પડી ગઈ. ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, ઉદયપુર જિલ્લાના કોટડાના આદિવાસી



પ્રદેશમાં બિલવાન તરફ જતી એક જીપની બ્રેક અચાનક ચઢતી વખતે ફેલ થઈ ગઈ. ડ્રાઈવરે જીપને કાબૂમાં લેવાનો પૂરો પ્રયાસ કર્યો, પરંતુ તે રસ્તા પરથી પલટી ગઈ અને સીધી ૬૦ ફૂટ ઊંડી કોતરમાં ખાબકી ગઈ. અકસ્માત સમયે જીપમાં કુલ ૨૭ લોકો સવાર હોવાનું જાણવા મળે છે.

ઘટના બાદ, ઘણા લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી. ભેગા થયેલા લોકોએ પોલીસને ઘટનાની જાણ કરી.

# પ. બંગાળમાં અધિકારીઓ સામે હિંસા અને ધમકીનું વાતાવરણ : ચૂંટણીપંચનું સુપ્રીમમાં સોગંદનામુ

નવીદિલ્હી,તા.૨૧

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અંગે ચૂંટણી પંચ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ફરી એકવાર સામસામે છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં ચૂંટણી પંચે મુખ્યમંત્રી મમતા બેનર્જીની આકરી ટીકા કરી છે.

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યું છે કે મમતા બેનર્જીએ એસઆઈઆરને નુકસાન પહોંચાડવા માટે ભડકાઉ ભાષણો આપ્યા હતા. તેમણે ભય ફેલાવવા માટે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને ગેરમાર્ગે દોરનારી અને ખોટી માહિતી આપી હતી. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અન્ય રાજ્યોથી વિપરીત, પશ્ચિમ બંગાળમાં ઘણી ધમકીઓ અને અવરોધો છે.

# અરવલ્લીનું ગેરકાયદેસર ખાણકામ ભવિષ્યની પેઢીઓ માટે ગંભીર ખતરો : સુપ્રીમ કોર્ટ

જયપુર,તા.૨૧

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતમાળામાં ગેરકાયદેસર ખાણકામ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, અને કહ્યું છે કે તેનાથી પર્યાવરણને ન ભરવાપાત્ર નુકસાન થઈ શકે છે. આ મુદ્દા પર કડક વલણ અપનાવતા, કોર્ટે અરવલ્લી પ્રદેશમાં ખાણકામ અને તેના સંબંધિત



તમામ પાસાઓની વ્યાપક તપાસ કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે અરવલ્લી પ્રદેશ જેવા સંવેદનશીલ પ્રદેશમાં ગેરકાયદેસર ખાણકામ માત્ર પર્યાવરણ માટે જ નહીં પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પણ ગંભીર ખતરો છે.

# અદાલતો યુદ્ધનું મેદાન નથી, દંપતીઓ વિવાદોના ઉકેલ માટે સમય બગાડે છે : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે કહ્યું કે અદાલતો યુદ્ધભૂમિ નથી જ્યાં યુગલો લડે છે અને તેમની ફરિયાદોનું સમાધાન કરવા માટે સમય બગાડે છે. કોર્ટે જણાવ્યું હતું કે ઝઘડતા જીવનસાથીઓને તેમની ફરિયાદોના ઉકેલ માટે અદાલતોને યુદ્ધભૂમિમાં ફેરવીને સિસ્ટમને ખલેલ પહોંચાડવાની મંજૂરી આપી શકાતી નથી. કોર્ટે કહ્યું કે વિવાદોના ઝડપી નિરાકરણ માટે તેમણે મધ્યસ્થીનો આશરો લેવો જોઈએ, કારણ કે કોર્ટમાં આરોપ-પ્રત્યારોપ માત્ર વિવાદને વધારે છે.

જસ્ટિસ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે આ અવલોકનો એક દંપતીના લગ્નને વિસર્જન કરતી વખતે કર્યા, જેઓ ફક્ત ૬૫ દિવસ સાથે રહ્યા હતા અને એક દાયકાથી વધુ સમયથી અલગ રહેતા હતા. સમાધાન માટે કોઈ અવકાશ ન મળતાં, સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની સત્તાઓનો ઉપયોગ



કર્યો અને લગ્નને વિસર્જન કર્યું.

કોર્ટે કહ્યું, ''લડતા યુગલોને તેમના વિવાદોના ઉકેલ માટે કોર્ટને યુદ્ધના મેદાનમાં ફેરવીને સિસ્ટમને વિક્ષેપિત કરવાની મંજૂરી આપી શકાતી નથી.'' જો પક્ષકારો વચ્ચે સમાધાન ન થઈ શકે, તો વિવાદોના ઝડપી નિરાકરણ માટે પદ્ધતિઓ ઉપલબ્ધ છે. બેન્ચે કહ્યું, ''મધ્યસ્થી પ્રક્રિયા મુકદ્દમો શરૂ થતાં પહેલાં અને પછી બંને રીતે અપનાવી શકાય છે. જ્યારે પક્ષકારો એકબીજા સામે મુકદ્દમો શરૂ કરે છે, ખાસ કરીને ફોજદારી કેસોમાં, સમાધાન માટેનો અવકાશ ઓછો થાય છે, પરંતુ તેને નકારી શકાય નહીં.''

# મારી હત્યાનો પ્રયાસ થયો, તો દુનિયાના નકશા પરથી ઈરાનનું નામ ભૂંસી નાખીશ : ટ્રમ્પ

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૨૧

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાન અંગે કડક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે જો ઈરાન તેમની હત્યા કરવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા ઈરાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખશે. અમેરિકન રાષ્ટ્રપતિએ ન્યૂઝનેશનના કાર્યક્રમ ''કેટી પાવલિચ ટુનાઈટ'' માં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, ''મેં મારા અધિકારીઓને કડક સૂચના આપી છે કે જો કંઈ થશે તો તેઓ ઈરાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખશે.'' ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ચરમસીમાએ છે. ટ્રમ્પના નિવેદનના જવાબમાં, ઈરાની લશ્કરી પ્રવક્તા જનરલ અબુલ ફઝલ શેકાર્ચીએ કહ્યું, ''ટ્રમ્પ જાણે છે કે જો કોઈ આપણા સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની તરફ ખરાબ ઈરાદા સાથે હાથ લંબાવશે, તો અમે ફક્ત તે હાથ કાપી નાખીશું નહીં પરંતુ તેમના સમગ્ર વિશ્વને આગ લગાવી દઈશું.'' આ ચેતવણી ટ્રમ્પના તે



નિવેદન પછી આવી છે જેમાં તેમણે ખામેનીના લગભગ ૪૦ વર્ષના શાસનનો અંત લાવવાની વાત કરી હતી. ટ્રમ્પે અગાઉ ઈરાનને ચેતવણી આપી હતી, જો ઈરાન તેમની સામે કોઈ હત્યાનું કાવતરું ઘડે તો તેમના સલાહકારોને ઈરાનને સંપૂર્ણપણે નાશ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ટ્રમ્પે ખામેનીને બીમાર માણસ કહ્યા. શેકાર્ચીનું આ નિવેદન ટ્રમ્પના પોલિટિકો સાથેના ઈન્ટરવ્યુ પછી આવ્યું છે, જેમાં તેમણે ખામેનીને ''એક બીમાર માણસ'' તરીકે વર્ણવ્યા હતા જેમણે ''પોતાનો દેશ યોગ્ય રીતે ચલાવવો જોઈએ અને લોકોની હત્યા બંધ કરવી જોઈએ.'' ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ''ઈરાનને નવા નેતૃત્વની જરૂર છે.''

# જાફરાબાદ મરીન પોલીસ વતી ૩ લાખની લાંચ લેતા વચેટિયાને ACBએ રાજુલાથી ઝડપ્યો

અમરેલી, તા.૨૧



જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનામાં ફરિયાદી વિરુદ્ધ 'પાસા'ની કાર્યવાહી નહીં કરવા અને સાહેદના ટ્રકના અસલ કાગળો પરત કરવાના બદલામાં પીએસઆઈ આર.એમ. રાધનપુરા અને પોલીસ કર્મચારી આશિષસિંહ ઝાલાએ ૩ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. આ રકમ સ્વીકારવા માટે તેઓએ વચેટિયા આરીફભાઈ રવજાણીનો સહારો લીધો હતો. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે અમરેલી એસીબીનો સંપર્ક કર્યો હતો. જે આધારે રાજુલાની સહયોગ હોટલ પાસે છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન વચેટિયા આરીફભાઈએ પોલીસ કર્મચારી સાથે ટેલિફોનિક વાતચીત કરી કન્ફર્મેશન મેળવ્યા બાદ ૩ લાખ રૂપિયાની રકમ સ્વીકારી હતી. એસીબીની ટીમે આરીફને સ્થળ પર જ દબોચી લીધો હતો, જ્યારે પીએસઆઈ રાધનપુરા અને પોલીસ કર્મચારી ઝાલા ફરાર થઈ ગયા છે. એસીબીએ ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગીરગઢડાના નવા ઉગલા ગામે પત્ની, સાસરિયાના ત્રાસથી યુવકનો આપઘાત

**મરતા પહેલા યુવકે વીડિયો બનાવી સાસરિયા સામે ગંભીર આક્ષેપ કર્યા**

ઉના,તા.૨૧


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામના ૨૫ વર્ષીય ગોપાલ ધનાભાઈ સોંદરવા નામના યુવકે સાસરી પક્ષના માનસિક ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. મૃતક ગોપાલે અંતિમ પગલું ભરતા પૂર્વે એક હૃદયદ્રાવક વીડિયો બનાવ્યો હતો, જેમાં તેણે પોતાની પત્ની રૂપલ, સસરા મનસુખભાઈ પરમાર અને અન્ય સંબંધીઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. ગોપાલના લગ્ન ૧૧ મહિના પૂર્વે વિસાવદરના વેકરીયા ગામે થયા હતા, પરંતુ અણબનાવ બાદ પત્નીએ ભરણપોષણનો કેસ કરી ૨ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આર્થિક ભીંસ અને માનસિક અત્યાચારથી કંટાળી ગોપાલે ઝેરી દવા પી લીધી હતી. પુત્રના મોતના સમાચારથી ગરીબ પરિવાર પર આભ ફાટ્યું છે. ગીરગઢડા પોલીસે હાલ એ.ડી. નોંધી તપાસ હાથ ધરી છે. મૃતકના પિતાએ જવાબદારો સામે કડક કાયદાકીય પગલાં ભરવાની માંગ કરી છે.

# વડોદરામાં પોલીસ લોકઅપમાં આરોપીએ ગળાફાંસો ખાધો

વડોદરા,તા.૨૧

વડોદરા શહેરમાં એક ચોંકાવનારી ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. જીવન નગર વિસ્તારના વુડા હાઉસિંગ સોસાયટીમાં રહેતા રમેશ છગન વસાવા નામના વ્યક્તિએ પાણીગેટ પોલીસ સ્ટેશનના લોકઅપમાં સ્વેટરના દોરાથી ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. પોલીસ સૂત્રો અનુસાર, રમેશ વસાવા પર તેની પત્ની સાથે ઝઘડો અને મારામારી કરવાનો આરોપ હતો. આ ઘટનાની ફરિયાદ બાદ પાણીગેટ પોલીસે તેને અટકાયતમાં લીધો હતો. અટકાયત બાદ તેને પાણીગેટ પોલીસ સ્ટેશનના લોકઅપમાં રાખવામાં આવ્યા હતા. આજે સવારે જ્યારે પોલીસ કર્મચારીઓએ લોકઅપ તપાસ્યું ત્યારે રમેશ ગળેફાંસો લાગેલી હાલતમાં જોવા મળ્યો. તેમણે પોતાના સ્વેટરના દોરાનો ઉપયોગ કરીને આ અંતિમ પગલું ભર્યું હતું. તાત્કાલિક તબિયત તપાસ માટે તેમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો હતો.

# રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં EWS અનામત આપવાની માંગ ઉઠી

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત પહેલા જ રાજકીય વાતાવરણ ગરમાયું છે. સવર્ણ સમાજના વિવિધ વર્ગો EWS રાજકીય અનામતની માગણીને તેજ કરી રહ્યા છે. આ મુદ્દે ગાંધીનગરના સર્કિટ હાઉસમાં એક મહત્વની બેઠક યોજાઈ, જેમાં પાટીદાર, ક્ષત્રિય અને બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ એક સાથે જોવા મળ્યા છે. આ બેઠકમાં ઉપસ્થિત રહેલા સમાજના અગ્રણીઓએ માંગ કરી કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૧૦ ટકા EWS અનામત તાત્કાલિક અમલમાં મુકાય. આગેવાનોનું કહેવું છે કે, જ્યારે શિક્ષણ અને નોકરીમાં ઈડબ્લ્યુએસ અનામત છે, તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેમ નહીં? આ માગણીનું કારણ છે કે સવર્ણ સમાજને આર્થિક રીતે નબળા વર્ગ તરીકે માન્યતા મળી છે, પરંતુ રાજકીય અનામતના અભાવે તેઓને પ્રતિનિધિત્વ મળતું નથી. ચૂંટણી પહેલા આ મુદ્દો તેજ થતાં રાજકીય પાર્ટીઓ પર દબાણ વધ્યું છે. જો અનામત અમલી ન બને તો સમાજ આંદોલનના માર્ગે જઈ શકે છે. ચૂંટણી નજીક છે, અને આવા સમયમાં સવર્ણ સમાજની આ માંગ રાજ્યના રાજકારણમાં નવી ચર્ચા જગાવી રહી છે. હવે જોવું રહ્યું કે સરકાર સવર્ણ સમાજની આ માંગ પર શું વલણ અપનાવે છે? સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં ઈડબ્લ્યુએસ રાજકીય અનામતનો મુદ્દો ગરમાયો છે ત્યારે સરકાર શું નિર્ણય લે છે, તે ઉપર સૌની નજર છે.

# ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં સોનું ખરીદી છેતરપિંડી આચરતા બંટી-બબલી ઝડપાયા

જૂનાગઢ,તા.૨૧



જૂનાગઢ પોલીસે નકલી સોનું પધરાવી સોની વેપારીઓને છેતરતા બંગાળી દંપતીને વડોદરા પાસેથી ઝડપી પાડ્યું છે. આ આરોપી દંપતી વેપારી પાસેથી અસલી સોનાના દાગીના લઈને બાદ તેમને સોનાનું વરખ ચડાવેલા પંચધાતુના દાગીના પધરાવી દેતું હતું. આરોપી દંપતી સામે ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જ્યારે આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસના એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતું હતું.

# સુરતના માંડવીમાં પાણીની ટાંકી ધરાશાયી થતા ત્રણ અધિકારીઓને કરાયા સસ્પેન્ડ

સુરત,તા.૨૧



સુરતના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે લાખોના ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી થવાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવી છે. આ મામલે રાજ્ય સરકારે કડક વલણ અપનાવતા ત્રણ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે અને જવાબદાર એજન્સી વિરુદ્ધ કાર્યવાહીના આદેશ આપ્યા છે. માંડવીના તડકેશ્વર ગામે આસપાસના ૩૪ ગામોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાના હેતુથી અંદાજે રૂ.૯૫ લાખના ખર્ચે વિશાળ પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, કામગીરી પૂર્ણ થયા બાદ જ્યારે પ્રથમ વખત પાણી ભરીને તેનું ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું હતું, ત્યારે જ આ આખું સ્ટ્રક્ચર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સરકારી નાણાંનો વેડફાટ અને ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી ગઈ છે. આ ઘટનાનો પડઘો છેક ગાંધીનગર કેબિનેટ સુધી પડ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતે આ મામલાને ગંભીરતાથી લઈ જવાબદારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. પાણી પુરવઠા મંત્રીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, "આ અત્યંત ગંભીર બેદરકારી છે. માત્ર સસ્પેન્શનથી કામ નહીં ચાલે, ભ્રષ્ટાચાર આચરનાર એજન્સી અને જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરનો પોલીસ કેસ દાખલ કરવામાં આવશે.

# બગદાણાના સેવક પર થયેલા હુમલામાં જયરાજ આહિરને એસઆઈટીનું તેડું

અમદાવાદ,તા.૨૧

બગદાણાના સરપંચ એવા કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલાના કેસમાં મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં પીડિતના આક્ષેપ વચ્ચે હુમલાની તપાસ માટે બનેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરને સમન્સ પાઠવ્યું છે. સમન્સ પ્રમાણે જયરાજ આહીરને ૨૧મી જાન્યુઆરીના સાંજના પાંચ વાગ્યા સુધીમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) સમક્ષ હાજર થવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પહેલા એસઆઈટીએ ફરિયાદી નવનીત બાલધિયાને પણ સોમવારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. આ કેસની પ્રાથમિક તપાસ કરનારા બે પીઆઈને પણ એસઆઈટીએ પૂછપરછ માટે બોલાવ્યા હતા.

સમગ્ર ઘટનાની વિગતે વાત કરીએ તો, આ સમગ્ર મામલાની શરૂઆત મુંબઈમાં આયોજિત માયાભાઈ આહીરના એક કાર્યક્રમથી થઈ હતી, જે મુંબઈના કાર્યક્રમમાં માયાભાઈએ યોગેશભાઈ સાગર નામના વ્યક્તિનો ઉલ્લેખ કરી તેઓ બગદાણા ગુરુ આશ્રમમાં મેનેજિંગ ટ્રસ્ટી હોવાનું નિવેદન આપ્યું હતું. બાદમાં આ મામલે બગદાણા ગામના સરપંચ નવનીત બાલધિયાએ માયાભાઈને કોલ કરીને મેનેજિંગ ટ્રસ્ટી બાબતે સાચી માહિતી આપી હતી. જે બાદ માયાભાઈએ પોતાની ભૂલ સ્વીકારીને સોશિયલ મીડિયા મારફતે માફી પણ માગી હતી.

# જસદણના પારેવાળા ગામે બાળકની હત્યા તેના પિતાએ કરી હોવાનો આક્ષેપ

જસદણ,તા.૨૧

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના પારેવાળા ગામે પાંચ વર્ષના બાળકનું શંકાસ્પદ મોત થતાં વિસ્તારમાં ચકચાર મચી છે. મૃતક બાળકનું નામ ઉમેશ વાળા છે. ઘટનાને લઈ પિતાએ હત્યા કરી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. બાળકની માતા કાજલબેન બે દિવસ પહેલા પતિ વિજય સાથે ઝઘડો થતાં નાના પુત્રને લઈને સગાના ઘરે ગઈ હતી, જ્યારે ઉમેશ પિતા પાસે જ રહ્યો હતો. માતાએ આક્ષેપ કર્યો કે પતિ વિજય અવારનવાર નશામાં ઝઘડો કરતો અને અગાઉ પણ પુત્રને મારી નાખવાની ધમકીઓ આપતો હતો. ઘટનાની રાત્રે ઉમેશને બેભાન હાલતમાં જસદણ સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ગળાટુંપો આપીને હત્યા કરાયાની શક્યતા વ્યક્ત થઈ છે. ભાડલા પોલીસે વિજય વાળાને ઉઠાવી પૂછપરછ હાથ ધરી છે. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ બાદ હકીકત સ્પષ્ટ થશે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# પાંચ વર્ષ કે ઓછો સમય બાકી હોય તેવા શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુક્તિ મળશે

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યભરના શિક્ષકો માટે ટેટ સંબંધે મહત્વનો અને સ્પષ્ટ નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે જાહેર કર્યું છે કે જે શિક્ષકોની નિવૃત્તિમાં હવે પાંચ વર્ષ કે તેથી ઓછો સમય બાકી છે, તેવા વરિષ્ઠ શિક્ષકોને ટેટ પરીક્ષા પાસ કરવાની ફરજમાંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણયને કારણે રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં લાંબા સમયથી ચાલતી ચર્ચાઓને પૂર્ણવિરામ મળ્યો છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા અગાઉ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી તમામ શિક્ષકો માટે ટેટ ફરજિયાત કરવાની દિશામાં પગલાં લેવામાં આવ્યા હતા. આ નિર્ણય અંતર્ગત વર્ષ ૨૦૧૧ પહેલાં ભરતી થયેલા તેમજ ૨૦૧૧ પછી ભરતી થયા હોવા છતાં હજુ સુધી ટેટ પાસ ન કરનાર શિક્ષકોની વિગતવાર માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# જસદણ નજીક કમળાપુર પાસે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતમાં બે યુવાનોના મોત

જસદણ,તા.૨૧


તસવીર : કૃણાલ પોપટ

જસદણ નજીક કમળાપુર પાસે કપાસ ભરેલ ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે આશાસ્પદ યુવકોના કરુણ મોત નિપજ્યા છે. ઘટનાની વિગત મુજબ, એક ટ્રક મોરબીથી કપાસ ભરીને જસદણ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન જસદણના કમળાપુર ગામ નજીક ટ્રક અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર બાદ કપાસ ભરેલ ટ્રક રોડ પર જ પલટી મારી ગયો હતો. બાઈક પર સવાર બે પરપ્રાંતીય યુવકો, જીતેશ અને કાલુ (રહે. અંજાર) ના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ટ્રક પલટી મારી જવાથી ડ્રાઈવર અને ક્લીનરને પણ ઈજાઓ પહોંચી છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે જસદણ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.








